# ૩૯મા સેમિનાર દરમ્યાન દરેક સેશનના ચેરમેન અને કો.ચેરમેન



ડૉ.શિશીર માંડલીયા - ભાઈકાકા ગ્રં.વિદ્યાનગર
ડૉ.બિપીન મોદી - મા.જે.પુસ્તકાલય - અમદાવાદ



ડૉ.પ્રિયાંકી વ્યાસ - ડૉ.બા. આંબેડકર ઓ.યુનિ. અમદાવાદ
ડૉ.વૈશાલી ભાવસાર - આણંદ એજ્યુકેશન કોલેજ - આણંદ




ડૉ.રાકેશ પરમાર - ગુજ.યુનિ. ગ્રંથાલય - અમદાવાદ
ડૉ.ઉર્મિલા રાવલ - ગુજરાત કોમર્સ કોલેજ - અમદાવાદ



ડૉ.રાજેશ ગામિત - ગ્રં.અને મા.વિભાગ, ગુજ.યુનિ. - અમદાવાદ
ડૉ. ઈન્દિરા ડોડિયા - બી.કે.સ્કૂલ બિ.મેને.અમદાવાદ



ડૉ. વૈદેહી પંડ્યા - લો કોલેજ - હિંમતનગર
પ્રજ્ઞેશ પારેખ - રક્ષા શક્તિ યુનિ.ગાંધીનગર




મોકલનાર :
પંકજકુમાર એમ. બાવિશી (પ્રમુખ)
ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫-મનીષ સોસાયટી,
સુંદરનગર પાસે, અંકુર રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. : ૬૩૫૧૪૦૫૭૨૭

બુક-પોસ્ટ - પ્રિન્ટેડ મેટર



॥ संघात् सखायते सन्धि॥ ISSN : 0970 - 5244

# ગ્રંથાલોક

વેબિનાર વિશેષાંક

વેબિનાર વિશેષાંક

તંત્રી : શ્રી પંકજભાઈ બાવિશી

વર્ષ : ૪૨ અંક - ૩ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનું ત્રિમાસિક સંપર્ક પત્ર જુલાઈ થી સપ્ટેમ્બર - ૨૦૨૦

## ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખનું મોક્ષ પ્રયાણ





સ્વ. રમણલાલ લલ્લુભાઈ પટેલ



જન્મ : ૨૭-૦૯-૧૯૪૬ મોક્ષ : ૦૫-૦૯-૨૦૨૦

જીવનનું અંતિમ અને કડવું સત્ય એટલે "મૃત્યુ". જન્મથી મૃત્યુ સુધીની યાત્રા દરેકની અલગ અલગ હોય છે. સંવેદના, શક્તિ, સામર્થ્ય અને સમજ દ્વારા વ્યક્તિ સમાજને કંઈક ને કંઈક અર્પણ કરતો હોય છે. એક વ્યક્તિને શબ્દોમાં તોલવા એ વ્યક્તિના ઓળખની ભાષાકીય રજૂઆત હોઈ શકે, પરંતુ ભાવનાત્મક વલણ જેમાં પ્રેમ, લાગણી, આત્મીયતા વગેરે વગેરેની રજૂઆત અને એની સમજ વ્યક્તિ વ્યક્તિ દીઠ અલગ અલગ હોય છે. શ્રી રમણભાઈ પટેલના (નિવૃતઃગ્રંથપાલશ્રી-ગુજરાત યુનિવર્સિટી) વ્યક્તિત્વને શબ્દોમાં વર્ણવવું એ અમારા માટે ઈશ્વરના વર્ણન સમાન છે. એમના પરિચિતો દ્વારા મળેલા અભિપ્રાય મુજબ તેમણેથ બધાના હૃદયમાં એક અમીપ જગ્યા બનાવી છે. દરેક પરિચિત વ્યક્તિના જીવનમાં તેમની સ્મૃતિ શાશ્વત રીતે અંકિત થયેલી છે. એમના અચાનક મૃત્યુથી જીવનમાં ન પૂરી શકાય એવી ખાલીપો જોવા મળે છે. કોઈકે શ્રેષ્ઠ મિત્ર, સહાયક, ગુરુ, રાજદાર, માર્ગદર્શક, સલાહકાર વગેરે વગેરે ગુમાવ્યા છે અને પરિવારે ઈશ્વર તુલ્ય પિતા ગુમાવ્યા છે. તેમની શ્રેષ્ઠતા માટે શબ્દો વામણા લાગે છે. વિધિના વિધાન કોઈ બદલી શકે નહીં. આપણા હાથમાં માત્ર પ્રાર્થના છે. એક સાચા શિક્ષકને ઈશ્વરે શિક્ષકદિને પોતાની પાસે બોલાવી લીધા.

ફોન : પંકજભાઈ એમ. બાવિશી (પ્રમુખ) : ૬૩૫૧૪૦૫૭૨૭
રમણલાલ એલ. પટેલ (ઉપપ્રમુખ) : ૯૩૭૫૧ ૭૧૬૧૭ કિરીટભાઈ બી. ગંધકવાલા (મંત્રી) : ૯૮૭૯૯ ૫૩૯૬૬
હિમાંશુભાઈ પાંધી (ખજાનચી)મો. ૯૪૨૭૨૦૭૫૬૫

ખૂબજ અગત્યનું ☞ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની નવી વેબ સાઈડ અને ઈ.મેલ
☞ Websie : www.gujaratgranthalayasevasangh.in
☞ Email : gujaratgranthalayasevasangh@gmail.com
વધુ માહિતી માટે ☞ હિમાંશુભાઈ પાંધીનો સંપર્ક કરવો મો. ૯૪૨૭૨૦૭૫૬૫

પ્રકાશક : પ્રમુખ, પંકજભાઈ બાવિશી, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ
૫ - મનીષ સોસાયટી, સુંદરનગર પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩. (ગુજરાત)
(મોબાઈલ - ૬૩૫૧૪૦૫૭૨૭)

# ‘૨૧મી સદીના ગ્રંથાલયો અને ગ્રંથાલય વ્યવસાયિકો’
# વિષય પરનો
# ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો પ્રથમ વેબિનાર અહેવાલ

**તારીખ : ૨૨ થી ૨૮ જૂન, ૨૦૨૦** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૩૦**

## પ્રથમ દિવસ

**તારીખ : ૨૨-૬-૨૦૨૦ ને સોમવાર** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૪૫**

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન એલ્યુમ્નિ ઍસોસિયેશન (GULISAA), ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨ જૂન, ૨૦૨૦ને સોમવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે માણેકલાલ જેઠાલાલ સાર્વજનિક પુસ્તકાલયના નિવૃત્ત ગ્રંથપાલ શ્રી છગનભાઈ ભૈયા સાહેબના અધ્યક્ષસ્થાને કમ્પ્યૂટર, લેપટોપ અને મોબાઈલના માધ્યમથી ગૂગલ મીટ દ્વારા ઓનલાઈન ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવ્યો હતો.

ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઍસોસિયેટ પ્રોફેસર અને કૉ-ઑર્ડિનેટર ડૉ. ગીતાબેન ગઢવીએ સ્વાગત પ્રવચન આપતાં કહ્યું કે ચારેય સંસ્થાના સહયોગથી આ સાત દિવસના વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. વેબિનારના વિષયની ચર્ચા કરતાં કહ્યું કે વેબિનારની મુખ્ય વિશેષતા એ છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગની શરૂઆત સને ૧૯૬૪થી થઈ. આજ વિભાગમાંથી જે વિદ્યાર્થીઓ પાસ આઉટ થયા છે અને આજે જુદી જુદી જગ્યાએ જુદા જુદા ક્ષેત્રોના ગ્રંથાલયોમાં કાર્યરત છે અને ઉત્તમ ફરજ બજાવી રહ્યા છે. તેમના જ્ઞાનનો અને અનુભવનો લાભ આજની નવી પેઢીને મળી રહે તે ઉદ્દેશથી માત્રને માત્ર GULISAA ના જ સભ્યોને જ વિશિષ્ટ વ્યાખ્યાન માટે આમંત્રિત કરેલા છે. પરંતુ વેબિનારમાં રજિસ્ટ્રેશન (નોંધણી) કોઈપણ યુનિવર્સિટીનો વિદ્યાર્થી કરાવી શકે છે. સાત દિવસ દરરોજ બપોરના ૩-૩૦ થી ૫-૩૦ કલાક સુધી ઓન ચાલનાર આ વેબિનારમાં કયા કયા વિષય પર કોણ કોણ વિષય નિષ્ણાત વ્યાખ્યાન આપશે તેની માહિતી આપતાં સર્વ પ્રતિનિધિઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. અને સહજ માર્દવ ભાવે કહ્યું કે આજે શિક્ષકો વિદ્યાર્થીઓ બન્યા અને વિદ્યાર્થીઓ શિક્ષકો બન્યા છે.

ત્યારબાદ ગુજરાત ગ્રંથાલય સેવા સંઘના ઉપપ્રમુખશ્રી રમણલાલ એલ. પટેલે સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વેબિનારમાં જોડાનાર તમામને તથા વિષય વિશેષજ્ઞને અભિનંદન પાઠવી ગુજરાત ગ્રંથાલય સેવા સંઘની પ્રવૃત્તિઓથી અને કાર્યવાહીઓથી સર્વને વાકેફ કર્યા હતા. સંઘ પ્રમુખ પંકજભાઈ બાવિશી અંગત કારણોસર આ વેબિનારમા ભાગ લઈ શક્યા નથી. આયોજકો પૈકી ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના કાર્યકારી ગ્રંથપાલ ડૉ. યોગેશ પારેખે કહ્યું કે આજથી શરૂ થનાર આ વેબ સિરીઝમાં ત્રણ પેઢીના ગ્રંથપાલોનો ત્રિવેણી સંગમ રચાયો છે. પ્રથમ પેઢીના ગ્રંથપાલો મારા ગુરુવર્ય છે. બીજી પેઢીના ગ્રંથપાલો મારા સહાધ્યાયી અને સહવ્યવસાયિકો છે. તેઓ તેમના ક્ષેત્રમાં ખૂબ જ પ્રસંશનીય કામગીરી કરી રહ્યા છે. આ પૈકી કેટલાંક ગ્રંથપાલો આ વેબિનારમાં વિષય નિષ્ણાત તરીકે વ્યાખ્યાન આપવાના છે. તેમને અભિનંદન અને ત્રીજી પેઢીના ગ્રંથપાલોને શુભેચ્છા પાઠવી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

પુનઃ ડૉ. ગીતાબેન ગઢવીએ આજના વેબિનાર સિરીઝના ઉદ્‌ઘાટક માનનીયશ્રી છગનભાઈ ભૈયા સાહેબનો સંક્ષિપ્તમાં  પરિચય આપી ભૈયા સાહેબને વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કર્યા હતા.

ભૈયા સાહેબે વ્યાખ્યાનની શરૂઆત કરતાં કહ્યું કે, વેબિનારનો વિષય ખૂબ જ સરસ પસંદ કર્યો છે. '૨૧મી સદીના ગ્રંથપાલો અને ગ્રંથાલય વ્યવસાયિકો'. આજે ગ્રંથાલયો ભૂલાઈ ગયા છે. આજે ગ્રંથપાલોની અવગણના શા માટે કરવામાં આવે છે ? મોટા ભાગના ગ્રંથાલયો ગ્રંથપાલ વિહોણા છે. ગ્રંથાલયને ત્રિ-મૂર્તિ કહ્યું છે. જરા ધ્યાનથી જોઈએ તો બે બાજુ અર્ધ આકારની મૂર્તિ છે. તે ગ્રંથવિશ્વ અને વાચક સમુદાય છે. અને ત્રીજી મૂર્તિ ગ્રંથપાલની છે. વર્તમાન સમયમાં ગ્રંથાલયનું સ્વરૂપ તદ્દન બદલાઈ ગયું છે. પુસ્તક સંગ્રહમાં અને પુસ્તક લેવડ-દેવડની પ્રક્રિયામાં ખૂબ જ પરિવર્તન આવી ગયું છે. આજે ગ્રંથાલય એટલે ગ્રંથ તથા અગ્રંથ સામગ્રી ગ્રંથાલયો ડિજિટલ સ્વરૂપમાં આવી ગયા છે. આભાસી ગ્રંથાલયો સર્જાતા જાય છે. હાલનો વાચક રૂમની ચાર દિવાલો વચ્ચે બેસીને તેને જોઈતી માહિતી અદ્યતન સાધનસામગ્રી દ્વારા મેળવી શકે છે. આ ઉપરથી ભવિષ્ય કેવું હશે ? તેની કલ્પના જ માત્ર કરવી રહી. એકવીસમી સદીની શરૂઆત માહિતી વિસ્ફોટથી થઈ. હવે વાચક પુસ્તકો માટે નહીં, પરંતુ માહિતી મેળવવા માટે આવે છે. આ માહિતી કોઈપણ પ્રકારની હોઈ શકે છે. હવેના ગ્રંથાલયો વાચનગૃહોમાં પલટાતા ગયા છે. આજે ગ્રંથાલયોમાં વાચકોનો દુકાળ પડ્યો હોય તેમ લાગ્યા કરે છે. વર્ષો પહેલાંના સમયમાં ડોકિયું કરીએ તો જાણવા મળે છે કે પુસ્તકો લેવા માટે લાઈનો લાગતી હતી. આજે ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા કક્ષાના પુસ્તકાલયોમાં વાચકો જોવા મળતા નથી. દુકાળ પડ્યો હોય તેમ લાગે છે. એકવીસમી સદીમાં આ સ્થિતિ માટે કોણ જવાબદાર છે ? શું એવા ગ્રંથપાલો પેદા નથી થયા કે વાચકોને ગ્રંથાલયમાં આકર્ષી શકે ? આજે ગ્રંથપાલ ક્યાં છે ? ખરેખર ગ્રંથપાલ છે ખરા ? ક્યાંક ક્યાંક મીઠી વીરડીઓ જોવા મળે છે. ગ્રંથાલયોમાં ગ્રંથપાલો હોવા છતાં ગ્રંથપાલ વિહોણા લાગે છે. આ વાસ્તવિક પરિસ્થિતિ છે તેનો સ્વીકાર કરવો જ રહ્યો. વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવી જરૂરી છે. ઉદાહરણ રૂપે માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલયનો દાખલો આપતાં કહ્યું કે અમે સત્તર જેટલી વિસ્તરણ પ્રવૃત્તિઓ કરતાં. દર ગુરૂવારે અને શનિવારે વ્યાખ્યાનો ગોઠવતા. આ વિસ્તરણ પ્રવૃત્તિનો એક ભાગ જ છે. મને યાદ છે કે મારે ગ્રંથાલયમાં મહિલા વિભાગ શરૂ કરવો હતો. ક્યાં કરવો ? સર્વનો અભિપ્રાય લઈને કાર્ય કરવું ખૂબ જ ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય છે અને મેં કર્યું. ગ્રંથાલયને ધબકતું રાખવાનું કામ ગ્રંથપાલનું છે. વાચકો માત્ર પુસ્તકો અને સામયિકો જોવા નથી આવતા, તમારું સ્મિત જોવા માટે તલસી રહ્યા હોય છે, શા માટે ? ગ્રંથપાલો વાસ્તવમાં સંચાલકો નથી બની શક્યા. ક્લિનિકલ લાઈબ્રેરીઅનશિપ વિદ્યાર્થીઓને સોંપવી જોઈએ. જેથી રીઅલ લાઈબ્રેરીઅન તૈયાર થશે. આ માટે પ્રત્યક્ષ કાર્ય જરૂરી છે ગ્રંથાલય વ્યવસાય એ વાક્ચાતુર્યનો વ્યવસાય છે. તેમણે પોતાના જીવનના અનુભવો અને પ્રસંગોને ઉદાહરણ દ્વારા સમજાવી કહ્યું કે વાચકો આપણા આરાધ્ય દેવો છે. અને જે દિવસે આ ભાવના જાગૃત થશે તે દિવસે ગ્રંથાલયોનો ઉધ્ધાર થશે. ગ્રંથપાલ દરેક રીતે સક્ષમ હોવો જોઈએ. તેમણે 'મક્કા અને મદીના' નામક પુસ્તક શોધતો એક રીક્ષાચાલક મારે ત્યાં આવેલો, તેનો તથા કુમારપાળ દેસાઈ, કર્ણાટક યુનિવર્સિટીના જકાતી સાહેબના દષ્ટાંતો રજૂ કરી અંતમાં કહ્યું કે ૨૧મી સદીને ગ્રંથાલયની સદી બનાવવી એ Library is a mission, not only Library. આજે સ્કુલોમાં ૨૨૦૦ જગ્યાઓ ખાલી છે. કોલેજો અને યુનિવર્સિટી ગ્રંથાલયો ગ્રંથપાલ વિહોણા છે. આપણે આપણો (ગ્રંથપાલોનો) મોભો ઊભો નથી કરી શક્યા. તે અફસોસ સાથે તેમને પોતાનું વ્યાખ્યાન પૂરું કર્યુ હતું.

સંચાલન કરતાં ડૉ. ગીતાબેન ગઢવીએ શ્રી છગનભાઈ ભૈયા સાહેબનો આભાર માની ખાત્રી આપી કે આપે જે કંઈ સૂચનો કર્યા છે. તેનો અમે અચૂક અમલ કરીશું.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧

**તારીખ : ૨૨-૬-૨૦૨૦ ને સોમવાર** **સમય : સાંજના ૪-૩૦ થી ૫-૦૦**

વિષય : **૨૧મી સદીના ગ્રંથાલય અને ગ્રંથપાલ શિક્ષણ (Library and LIS education in 21st Century)**

વક્તા : **ડૉ. પ્રયતકર કાનડિયા, ઍસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ.**

ડૉ. ગીતાબેન ગઢવીએ આજના વિશિષ્ટ વ્યાખ્યાનના વક્તા ડૉ. પ્રયકર કાનડિયાનો પરિચય આપતાં કહ્યું કે તેઓ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં અધ્યક્ષ અને ઍસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવી રહ્યા છે. આપણી જ યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં તેમનું ખૂબ જ મોટું પ્રદાન છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં ભૈયા સાહેબ પછી ગુજરાતી ભાષામાં સૌથી વધુ ૩૫ પુસ્તકો લખ્યા છે, તેમાંથી ૯ પુસ્તકો પ્રેસમાં છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૪ પેપર, રાષ્ટ્રીય કક્ષાએ ૫૦ પેપરો લખ્યા છે. જુદી જુદી સ્થાનિક સંસ્થાઓમાં ૪૦થી વધુ વ્યાખ્યાનો આપેલા છે.

ડૉ. પ્રયતકરે વ્યાખ્યાન આપતાં કહ્યું કે વિદ્યાર્થીઓએ, વ્યવસાયિકોએ અને ગ્રંથપાલોએ ICT થી વધુ જાણકાર થવું પડશે, કમ્પ્યૂટર, લેપટોપ, મોબાઈલનું મહત્ત્વ વધી રહ્યું છે. તેનાથી સર્વએ સુસજ્જ બનવું પડશે. કોરોનાગ્રસ્ત સમયમાં ગ્રંથપાલ કોરોનાને મટાડશે. દૃષ્ટાંત સાથે સમજાવતાં કહ્યું કે, ગાંધીનગરમાં એક માણસને કોરોના થયો હતો. તેને અન્ય વ્યક્તિએ પૂછ્યું કે મને કોરોના વિશે માહિતી કોણ આપશે ? તો સામેની વ્યક્તિએ કહ્યું કે ગ્રંથપાલ. કારણ કે ગ્રંથપાલ પાસે બધા જ વિષયનું જ્ઞાન હોય છે. વધુમાં કહ્યું કે વિદ્યાર્થીઓએ માહિતીના વ્યાપારી બનવું પડશે. માહિતીના ખરીદનાર ઊભા કરવા પડશે. પોતાની બુદ્ધિ અને આત્મબળનો ઉપયોગ કરવો પડશે. વર્તમાન સમયમાં કોરોનાને હરાવવા સામાજિક અંતર, યોગ, માસ્કનો ઉપયોગ અને ઉકાળાનું સેવન કરીશું. બુદ્ધ અને તેના શિષ્યની વાત કરી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૨

**તારીખ : ૨૨-૬-૨૦૨૦ ને સોમવાર** **સમય : સાંજના ૫-૧૦ થી ૫-૪૦**

વિષય : **ગ્રંથાલય સામગ્રીની સાચવણી / જાળવણી (Preservation of Library Material)**

વક્તા : **ડૉ. દીપિકા અંબાલાલ ઠક્કર, ડૉક્યુમેન્ટેશન ઓફિસર, એલ. એન્ડ ટી. હાઈડ્રોકાર્બન એન્જિનિયરિંગ, વડોદરા.**

ડૉ. ગીતાબેન ગઢવીએ ડૉ. દીપિકાબહેન ઠક્કરનો પરિચય આપતાં કહ્યું કે જી. સેટ.ની પરીક્ષા પાસ કરનાર પ્રથમ વિદ્યાર્થિની છે. તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી ડૉ. વૈશાલીબેન ભાવસારના માર્ગદર્શન હેઠળ 'ગુજરાત રાજ્યના જૈન ધર્મ હસ્તપ્રત સંગ્રહાલયોનું વિજાણુકરણ અને વિજાણુ સંરક્ષણ એક અભ્યાસ' નામક મહાનિબંધ રજૂ કરી સને ૨૦૧૯માં પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમને હું વ્યાખ્યાન આપવા આમંત્રિત કરું છું.

વ્યાખ્યાન આપતાં દીપિકાબહેન ઠક્કરે કહ્યું કે કોરોનામાં આપણે આપણી જાતને જે રીતે સાચવીએ છીએ તેવી જ રીતે ગ્રંથાલયની વાચનસામગ્રીને પણ સાચવવી જોઈએ. તેમણે તેમના પીએચ.ડી.ના સંશોધનનો લાભ ગ્રંથાલય વ્યવસાયિકોને આપીને પાંચ વર્ષના કાર્યની ફલશ્રુતિનો પરિચય કરાવ્યો હતો. તેઓએ ગ્રંથાલયના અપ્રાપ્ય વાચનસામગ્રી ઉપર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે પોતાના વક્તવ્યમાં ગ્રંથાલયમાં સાચવણી એટલે શું ? સાચવણીની પ્રક્રિયા, જાળવણીની જરૂરિયાત અને ડિજિટલ સ્વરૂપમાં રહેલી સામગ્રીની સાચવણીની પણ વાત કરી હતી. ડૉ. દીપિકાબહેન દ્વારા સૌ પ્રથમ ગ્રંથાલયમાં વાચનસામગ્રીને અસર કરતા પરિબળો જેવા કે રાસાયણિક પ્રક્રિયા, ભૌતિક પરિબળો, માનવસર્જિત પરિબળો અને અન્ય નુકશાન કરતા જીવાતોની ઉપર તેમણે વાત કરી હતી. ગ્રંથાલયમાં રહેલી વાચનસામગ્રીને માત્ર વર્તમાન પેઢી માટે નહીં, પરંતુ આવનાર પેઢી માટે સાચવવાની જવાબદારી પણ ગ્રંથપાલશ્રીની છે અને તેમણે જાળવણી અને સાચવણીની પ્રક્રિયાઓ તથા નુકશાન કરતાં પરિબળો વિશે જાણકારી હોય તે ખૂબ જ જરૂરી છે. ભારતમાં વાચનસામગ્રીની જાળવણી અને સાચવણીની પ્રક્રિયા પ્રાચીન કાળથી ચાલી આવે છે. તેઓએ પોતાના વક્તવ્યમાં પ્રાચીન સમયમાં હસ્તપ્રતોને સાચવવા માટે તમાકુના પાન, લાલ કપડું, અશ્વગંધા જેવી વસ્તુઓ વાપરવામાં આવતી હતી. તે વિશે ખૂબ જ રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. સંશોધન દરમિયાન પ્રત્યક્ષ રીતે મેળવેલ જ્ઞાનનો પરિચય કરાવ્યો હતો. આ અમૂલ્ય વારસો કબાટમાં કે ગ્રંથભંડારોમાં માત્ર સાચવી રાખવા માટે નથી, તેને લોકભોગ્ય કેવી રીતે બનાવવો તેના વિશે પણ તેમણે ઉપાયો બતાવ્યા હતા. જેમાં તેમણે માઇક્રો ફિલ્મ, માઇક્રોફીસ જેવી ટૅક્નૉલૉજી સાથે અત્યંત આધુનિક ટૅક્નૉલૉજી નો પણ ઉપયોગ કરીને હસ્તપ્રતો તથા દુર્લભ સાહિત્યને જ્ઞાનભંડારોમાં કેવી રીતે સાચવવામાં આવે છે તેની વિશદ્ ચર્ચા કરી હતી. ખાસ કરીને તેમણે જૈન આરાધ્ય કેન્દ્ર, કોબાની ખાસ મુલાકાત લેવાનું જણાવ્યું હતું. આ સંસ્થા હસ્તપ્રતો અને દુર્લભ ગ્રંથોને સાચવણી અને જાળવણી કેવી રીતે કરે છે ? તેની માહિતી આપી હતી. વધુમાં કહ્યું કે દુર્લભ સાહિત્યનું ડિજિટાઈઝેશન કરવામાં આવે તો ટૅક્નૉલૉજીના માધ્યમથી લોકો સુધી પહોંચાડી શકાય. તેમનું વક્તવ્ય પ્રાચીન ભારતીય સંસ્કૃતિથી આધુનિક ભારતીય સંસ્કૃતિમાં વાચનસામગ્રીનું મહત્ત્વ અને સાચવણી આ તમામ બાબતોથી જ્ઞાનસભર હતું. અંતમાં ડૉ. અશ્વિન ભાવસારે ડૉ. પ્રયતકર કાનડિયા અને ડૉ. દીપિકાબેન ઠક્કરનો માહિતી સભર વિશિષ્ટ વ્યાખ્યાન આપવા બદલ આ ચારેય સંસ્થાઓ વતી આભાર માની આજના દિવસની કામગીરી પૂર્ણ થયેલ જાહેર કરી હતી.

## વિનંતી

સમગ્ર ગુજરાત રાજ્યમાં ગુજરાત સરકારશ્રીના ગ્રંથાલય ખાતા દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થા છે જે ગુજરાતના શાળા, કોલેજ, યુનિવર્સિટી તથા સાર્વજનિક ગ્રંથાલયોના પ્રચાર અને પ્રસાર તથા ગ્રંથપાલશ્રીઓને તાલીમ માટે સેમિનાર કરે છે. આવી શૈક્ષણિક પ્રવૃત્તિ કરતી સંસ્થા એટલે **"ગુજરાત ગ્રંથાલય સેવૈ સંઘ".** તેની આજીવન સભ્ય ફી રૂ.૧૫૦૦ ભરી સંસ્થા મજબૂત બનાવી, સંઘ - શક્તિ - સંગઠન સુદૃઢ કરો. તેવી ગ્રંથાલયક્ષેત્રમાં કામ કરતા અને ગ્રંથાલયક્ષેત્રમાં રસ ધરાવતા સૌ કોઈને વિનંતી છે.

# બીજો દિવસ

**તારીખ : ૨૩-૬-૨૦૨૦ ને મંગળવાર** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૦૦**

વેબિનારના આ બીજા દિવસે સંચાલન કરતાં ડૉ. ગીતાબેન ગઢવીએ કહ્યું કે, ગ્રંથપાલ એટલે કોણ ? ગ્રંથપાલનું મહત્ત્વ ઓછું ના આંકી શકાય. વાચનસામગ્રીની ખરીદીથી માંડીને વાચનસામગ્રી વાચકોના હાથમાં ન જાય ત્યાં સુધી કરવી પડતી પ્રક્રિયામાં ગ્રંથપાલની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. વિશ્વની મહાન વિભૂતિઓ કાલીદાસ, ભવભૂતિ, શેક્સપિઅર, આઈન્સ્ટાઈન, માદામ ક્યુરી, ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ વગેરેનો વારસો સાચવી તેનું વિતરણ કરવાની જવાબદારી પણ ગ્રંથપાલની છે.

પ્રાચીન સમયના વિદ્યાપીઠ ગ્રંથાલયો જેવા કે તક્ષશિલા, વલ્લભિ, નાલંદા, મિથિલા, વિક્રમશીલા ખૂબ જ સમૃદ્ધ હતા. ભારતના ઈતિહાસમાં અનેરૂ સ્થાન હતું. વિદેશી પ્રવાસીઓ અહિંયા ભણવા માટે આવતાં. ચીની પ્રવાસી ફાહિયાન, હ્યુ એન ત્સંગ અને ઈત્સિંગ છઠી સાતમી શતાબ્દીમાં અત્રે આવેલા નાલંદા વિદ્યાપીઠ, ગ્રંથાલયની ત્રણ ઈમારતો રત્નસાગર, રત્નોદધિ તથા રત્નરંજક હતી. એનો ભવ્ય ગ્રંથસંગ્રહ આજના આધુનિક વિકસિત વિદ્યાપીઠોમાં જોવા મળશે નહિં. આવા વારસાના રખેવાળ ગ્રંથપાલોની જવાબદારીઓ અને ફરજોનો આછો ઉલ્લેખ કરી આગળની કાર્યવાહીનું સંચાલન ડૉ. રાકેશ પરમાર કરશે તેમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૩

**તારીખ : ૨૩-૬-૨૦૨૦ ને મંગળવાર** **સમય : બપોરના ૩-૪૦ થી ૪-૧૦**

**વિષય : સંશોધન પ્રમાણિકતા અને નીતિશાસ્ત્ર (Research Integrity and Ethics)**

**વક્તા : ડૉ. યોગેશ પારેખ, કાર્યકારી ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ.**

આજના વિશિષ્ટ વ્યાખ્યાનના વક્તા ડૉ. યોગેશભાઈ પારેખનો પરિચય આપતાં ડૉ. રાકેશ પરમારે કહ્યું કે, હું અને યોગેશભાઈ આ સંસ્થામાં એકસાથે જોડાયા હતા. ડૉ. યોગેશભાઈથી લગભગ બધા જ પરિચિત છે. તેઓ યુનિવર્સિટી ગ્રંથપાલની જવાબદારી વહન કરવાની સાથે યુનિવર્સિટીના મોટાભાગના કાર્યોમાં તેઓ સંકળાયેલા હોય છે. વેબિનાર સિરીઝના આયોજનમાં તેમની બહુ મોટી ભૂમિકા છે. તેમને હું વિશિષ્ટ વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરું છું.

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના કાર્યકારી ગ્રંથપાલ અને વેબિનારના સંયોજકશ્રી ડૉ. યોગેશ પારેખ દ્વારા એકેડેમિક ઈન્ટીગ્રિટી અને યુ.જી.સી. સાહિત્યિક ચોરી, પ્લેગિઆરિઝમ કે એન્ટી પ્લે આરિઝમ પૉલિસી પર શોધગંગા વિશે તથા સંશોધનમાં નૈતિકતાના ધોરણો વિશે વ્યાખ્યાન આપતાં કહ્યું કે જીવનમાં નૈતિકતા હશે તો સંશોધનમાં નૈતિકતા જરૂર આવશે. હું છેલ્લાં પાંચ વર્ષથી એન્ટી-પ્લેગિઆરિઝમ પર કામ કરી રહ્યો છું. 'શોધગંગા'ની શા માટે જરૂરિયાત ઊભી થઈ ? તેની સમજ આપતાં કહ્યું કે, 'શોધગંગા' ઈન્ફ્લિબનેટના પ્રૉજેક્ટો પૈકીનો એક પ્રૉજેક્ટ છે. શોધગંગા ફુલટેક્ષ થીસીસની એક રીપૉઝિટરી છે. યુ.જી.સી.ના ૨૦૦૯ અને ૨૦૧૬ના નોટિફિકેશન મુજબ સંશોધકે Inflibnet open Access અર્થે

શોધગંગાની વેબસાઈટ પર તેને અપલોડ કરવાના હોય છે. સંશોધક પોતે અથવા તો જે તે સંસ્થાના ગ્રંથપાલ કે તેના નોડલ ઓફિસર થીસીસને અપલોડ કરવાનું કામ કરે છે. જેથી સમગ્ર વિશ્વમાં કોઈપણ વ્યક્તિ શોધગંગાની વેબ સાઈટ પર ફુલટેક્ષ થીસીસ જોઈ શકે છે. યુ.જી.સી.એ નોટિફિકેશન બહાર પાડ્યું તે પહેલાનાં જૂના થીસીસના ડિજિટાઈઝેશન માટે યુ.જી.સી. ગ્રાન્ટ આપે છે તે અંતર્ગત યુનિવર્સિટી ગ્રંથાલયમાં પડેલ થીસીસનું ડિજિટાઈઝેશન કરી શોધગંગા વેબસાઈટ પર અપલોડ કરવામાં આવે છે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયે આ કામ પૂરું કર્યું છે. આનો મુખ્ય હેતુ સંશોધનમાં થતું બેવડાપણું અટકાવવાનું અને ગુણવત્તામાં સુધાર લાવવાનો છે. યુ.જી..સી..એ જે રેગ્યુલેશન બહાર પાડ્યા છે, તેમાંજ સંશોધનમાં નૈતિકતાના ધોરણો આપેલા છે. કોઈનું કરેલું કામ આપણે જ્યારે ઉપયોગમાં લઈએ છીએ ત્યારે તેની નોંધ થીસીસમાં અવશ્ય લેવી જોઈએ. સંશોધકોએ આમાં જાગૃતતા કેળવવાની છે. કોઈપણ પ્રકારનું કોપી-પેસ્ટ ન થાય તે જોવાનું કામ સંશોધકનું છે. કોઈપણ વ્યક્તિનું કામ કે તેના સાઈટેશનનો તમે અંગત ઉપયોગ ના કરી શકો. તેને રોકવાનું કામ પ્લેગિઆરિઝમનું છે. કોઈપણ સંશોધકના થીસીસમાં ૬૦% થી વધુ પ્લેગિઆરિઝમ હોય તો સંશોધકનું રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે, તેમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

ડૉ. રાકેશ પરમારે ડૉ. યોગેશ પારેખનો આભાર માનતાં કહ્યું કે, મિત્રો પ્લેગિઆરિઝમ ચેક કરવાની જવાબદારી અમારી છે. તેમાં કયા કયા પ્રકારના પ્રશ્નો ઊભા થાય છે, તેની યોગેશભાઈએ વિસ્તૃત સમજ આપી. વ્યાખ્યાન ખૂબ જ માહિતીસભર અને રસદાયક રહ્યું. હવે આપણે બીજા વક્તાને સાંભળીએ.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૪

**તારીખ : ૨૩-૬-૨૦૨૦ ને મંગળવાર** **સમય : સાંજના ૪-૧૦ થી ૪-૪૦**

**વિષય : ગ્રંથાલય માટે વાર્ષિક જાળવણી કરાર (Annual Maintenance Contract for Library)**

**વક્તા : શ્રી પજ્ઞેશ પારેખ, મદદનીશ ગ્રંથપાલ, રક્ષા શક્તિ યુનિવર્સિટી, ગાંધીનગર.**

ડૉ. રાકેશ પરમારે આજના વિશિષ્ટ વ્યાખ્યાનના વ્યાખ્યાતા શ્રી પજ્ઞેશ પારેખનો પરિચય આપતાં કહ્યું કે, મૃદુ સ્વભાવના, મિલનસાર અને પરોપકારી શ્રી પજ્ઞેશભાઈ ગુજરાત યુનિવર્સિટીમાં NAC કમિટી આવવાની હતી ત્યારે તેઓએ અમને ખૂબજ મદદ કરી હતી અને અન્ય કામોમાં પણ મદદ કરી રહ્યા છે. તેઓ સને ૨૦૧૧ થી રક્ષા શક્તિ યુનિવર્સિટીમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. IIM માં પણ તેમને કામ કર્યું છે. સરદાર પટેલ યુનિવર્સિટીમાં પણ કામ કર્યું છે. હાલમાં આપણી ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. કરી રહ્યા છે. આપણે ત્યાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે માસ્ટર ડિગ્રીમાં વ્યાખ્યાન લેવા પણ આવતાં હતા. એવા પજ્ઞેશભાઈને વ્યાખ્યાન માટે આમંત્રિત કરું છું.

પજ્ઞેશ પારેખે વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ વિષય ઉપર તેમનું વક્તવ્ય આપ્યું હતું. તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સમગ્ર વિષયને ખૂબ મુદ્દાસર રીતે અને સરળ ભાષામાં પોતાના વિચારો રજૂ કરતાં કહ્યું હતું કે લાઈબ્રેરી બિલ્ડિંગ, ફર્નિચર, સાધન-સામગ્રી તેમજ આઈ.ટી.ને લગતા સાધનો અને સેવાઓને કઈ રીતે વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટમાં સમાવીને લાઈબ્રેરીની કામગીરી વધુ અસરકારક અને સરળ બનાવી શકાય તે વિષે સમજૂતી આપી હતી. તેઓએ કોવિડ-૧૯ના સાંપ્રત સમયમાં લાઈબ્રેરીના પુસ્તકો,

સામયિકો, હાર્ડવેર, સોફ્ટવેર, કમ્પ્યૂટર, સી.સી. ટીવી કેમેરા અને સૌથી મહત્ત્વના માનવ સંશાધન એટલે કે સ્ટાફને કેવી રીતે સલામતી પ્રદાન કરી શકાય તે બાબતે પણ માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે ડિઝાસ્ટર મેનેજમેન્ટનો ઉપયોગ કરીને લાઈબ્રેરીની સલામતી કેવી રીતે વધારવી જોઈએ તે વાત ઉપર ભાર મૂક્યો હતો. કુદરતી આફતો જેવી કે પૂર, ધરતીકંપ વગેરે સામે વીમા કવચ હોવું જરૂરી છે. મેનેજમેન્ટને વિશ્વાસમાં લઈને બજેટમાં આવી જોગવાઈ કરવી જોઈએ. તેમણે પોતાની લાઈબ્રેરીનો દાખલો આપતાં કહ્યું કે અમારી લાઈબ્રેરી જ્યારે મેઘાણીનગરમાં હતી ત્યારે અમારો ગ્રંથભંડાર ભોંયતળીયે હતો. ચોમાસાનાં પાણી ભરાવાથી મોટું નુકસાન થયું હતું, પરંતુ વીમાને કારણે પૂરેપૂરું વળતર લીધું હતું. શ્રી પારેખે વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટના કરાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મહત્ત્વના મુદ્દાઓ વિષે પણ ટૂંકમાં સમજૂતી આપી હતી. આ મુદ્દાઓમાં કોન્ટ્રાક્ટની શરતો, કોન્ટ્રાક્ટ સાથેની વસ્તુ અને સેવાઓ, તેના ધોરણો અને પ્રમાણ, અમલીકરણની અવધિ, વોરન્ટી-ગેરંટી, તાલીમ, નાણાંકીય ચૂકવણીની શરતો, કરારની સમયમર્યાદા, ટેક્ષની જવાબદારી, રિન્યુઅલની શરતો, સેવા આપનારની જવાબદારીઓ, માહિતીની ગોપનીયતા વગેરે જેવી ખૂબ જ ઝીણવટભરી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તેમણે તેમના વક્તવ્યના અંતમાં લાઈબ્રેરીમાં આવશ્યક હોય તેવા બધા જ વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ માટે જરૂરી નાણાંની બજેટ દ્વારા ફાળવણી કરાવવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે લાઈબ્રેરીના સંશાધનોની કિંમતના ૫ થી ૧૦% રકમ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ માટે ફાળવવા જોઈએ અને આવશ્યક હોય તેવા બધા જ સાધનો, સંશાધનો અને ઈક્વિપમેન્ટને મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટના દાયરામાં લાવવા જોઈએ. ગ્રંથાલય વ્યવસાયિકોને ખૂબ જ ઉપયોગી હોય તેવી મહત્ત્વની માહિતી પૂરી પાડી આ વિશે કોઈને પણ કોઈ પ્રશ્ન હોય તો મને ઇ-મેઈલ દ્વારા કે ફોન દ્વારા પૂછી શકે છે. એમ કહી પોતાનું વક્તવ્ય પૂરું કર્યું હતું.

અંતમાં ડૉ. રાકેશભાઈ પરમારે તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૫

**તારીખ : ૨૩-૬-૨૦૨૦ ને મંગળવાર** **સમય : સાંજના ૪-૪૫ થી ૫-૩૦**

**વિષય : ગ્રંથાલયમાં માહિતી પ્રત્યાયન ટૅક્નૉલૉજી લાગુ પાડવી (ICT Application in Library)**

**વક્તા : ડૉ. રાજેશભાઈ ગામિત, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.**

ડૉ. રાકેશભાઈ પરમારે ડૉ. રાજેશભાઈ ગામીત વિશે પરિચય આપતાં કહ્યું કે ડૉ. ગામીતસર ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ૨૦૧૯થી કાર્યરત છે. આ પહેલાં તેઓ શ્રી પી. એચ. ઉમરાવ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, કીમ (ઓલપાડ-સુરત)માં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા હતા. B.L.I.Sc. સને ૧૯૯૯માં અને M.L.I.Sc. ૨૦૦૧માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાંથી કર્યું છે. તેમણે શ્રી જગદીશપ્રસાદ ઝાબરમલ ટીબ્રેવાલ યુનિવર્સિટી (ચૂડેલા, જિ. ઝુનઝુન, રાજસ્થાન)માંથી ડૉ. સંજીવકુમાર શર્માના માર્ગદર્શન હેઠળ "Information seeking Behaviour of the Faculty and Researcher in the Agricultural Universities of Gujarat" નામક મહાનિબંધ રજૂ કરી સને ૨૦૧૬માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

ડૉ. રાજેશભાઈ ગામીતે ગ્રંથાલય વ્યવસાયિકોને વંદન કરી ઈન્ફર્મેશન કૉમ્યુનિકેશન ટેક્નૉલૉજીનો અર્થાત માહિતી પ્રત્યાયન પ્રૌદ્યોગિકીનો વીસમી સદીના ગ્રંથાલયોમાં ખૂબ જ ભરપૂર ઉપયોગ થાય છે. તેમણે વધુમાં કહ્યું કે માહિતી સરળ અને ઝડપથી મળી રહે તે માટે પ્રક્રિયા ઝડપી વિકસાવવી જોઈએ. શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે પૂરતા પ્રમાણમાં નાણાની ફાળવણી કરવી જોઈએ. જેથી તેઓ ગ્રંથાલય અને માહિતી કેન્દ્રોની સેવા અર્થે યોગ્ય કાર્યક્રમ તૈયાર કરી શકે. વાઙ્મય-સૂચિ નિયંત્રણ, માહિતી પદ્ધતિ, સંગ્રહ અને વિતરણ માટે ચોક્કસ એગ્રીમેન્ટ ઘડી કાઢવા અને તે માટે કર્મચારી તાલીમની જોગવાઈ કરવી. ઉપરાંત ઝડપી અને નિઃશુલ્ક માહિતી મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. આધુનિક યુગમાં સમાજના દરેકે દરેક ક્ષેત્રમાં કમ્પ્યૂટર અને ટેલીકોમ્યુનિકેશનનું ચલણ વધી રહ્યું છે. ૨૦મી સદી કમ્પ્યૂટર આધારિત સદી છે. કમ્પ્યૂટર ટેકનોલૉજીએ ગ્રંથાલયની સિક્કલ બદલી નાંખી છે. ટૂંકમાં કમ્પ્યૂટર અને પ્રત્યાયન સાધનોએ તો વિશ્વને એકદમ નજીક લાવી દીધું છે. સામાન્ય રીતે રૂઢિગત ગ્રંથાલયોમાં કોઈ એક પુસ્તકનો ઉપયોગ એક સમયે એક વાચક જ કરી શકે છે, પરંતુ ICT ને લીધે એક સાથે અનેક ઉપભોકતાઓ તેનો ઉપયોગ કરી શકતાં હોવાથી તેનો વ્યાપ વિસ્તર્યો છે. ઘર, શાળા, ગ્રંથાલય બધી જગ્યાએ તેનો ઉપયોગ થઈ રહ્યો છે. ICT ને કારણે શિક્ષણમાં લર્નિંગ અને ટીચિંગ ખૂબ જ સરળ બન્યા છે. વિજ્ઞાન, ઈજનેરી, રેલ્વે, વાણિજ્ય, બેન્કિંગ, ઓનલાઈન બેન્કિંગ, નાણાંની લેવડ-દેવડ, કૃષિ, તબીબી ઇત્યાદિ ક્ષેત્રે ICT નો ઉપયોગ ખૂબ જ વધી ગયો છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ અને રેલવે વાહનવ્યવહાર ક્ષેત્રે સમય-પત્રક બનાવવામાં આરક્ષણ કરવામાં ખૂબ જ ઉપયોગી છે. જોડણીકોશો તૈયાર કરવામાં અધ્યાપન ક્ષેત્રે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં ICT ખૂબ જ ઉપયોગી છે. RFID સેક્ટરને વધારવા માટે, સીસી ટીવી દ્વારા નિયંત્રણ રાખવામાં ગ્રંથાલયમાં પ્રિન્ટ અને બિનપ્રિન્ટ હિસાબો રાખવા. ઓટોમેશન અને OPAC, ICT ને કારણે શક્ય બન્યું છે. અંતમાં તેમણે કહ્યું કે, ગ્રંથાલયમાં જે કોઈ સેવાઓ પૂરી પાડવામાં આવે છે તે તમામમાં ICT ખૂબ જ ઉપયોગી છે.

ડૉ. ગીતા ગઢવીએ ચારેય સંસ્થાઓ વતી ડૉ. યોગેશભાઈ પારેખનો, શ્રી પજ્ઞેશ પારેખનો તથા ડૉ. રાજેશભાઈ ગામીતનો વિશિષ્ટ વ્યાખ્યાન આપવા બદલ આભાર માન્યો. ડૉ. રાકેશ પરમારનો સુચારૂ સંચાલન કરવા બદલ આભાર વ્યક્ત કરી આજના સેશનમાં જોડાવા બદલ ધન્યવાદ પાઠવી આજનું સેશન પૂરું કરીએ છીએ તેવી જાહેરાત કરી.

## વેબિનારના અહેવાલ અંગે

વેબિનાર પૂર્ણ થયા બાદ તેનો અહેવાલ - લેખન ભાઈશ્રી ડૉ.અશ્વિન ભાવસાર દ્વારા કરાવામાં આવેલ છે. ત્યારપછી આ અહેવાલનું સંવર્ધન અને પુનઃલેખન શ્રીરમણલાલ એલ. પટેલ દ્વારા કરવામાં આવેલ છે. અંક પૂર્ણ થવાની અણી પર હતો ને રમણલાલ પટેલનું અચાનક દુઃખદ અવસાન થયું. જ્યાં સુધારો જરૂરી હતો તે કરવામાં આવેલ છે. પરંતુ કયાંક કોઈ ક્ષતી જણાય તો દરગુજર કરશો તેવી વિનંતી છે.

# ત્રીજો દિવસ

**તારીખ : ૨૪-૬-૨૦૨૦ ને બુધવાર** **સમય : બપોરના ૩-૩૦ થી**

આજના ત્રીજા દિવસના વેબિનારની શુભ શરૂઆત વેબિનારના આયોજક ડૉ. યોગેશ પારેખે કરી, તેમણે કહ્યું કે સમગ્ર વેબિનારના આયોજકો વતી આપ સર્વને આવકારતાં હું આનંદ અનુભવું છું. હવે પછીના સંચાલનનો કાર્યભાર ડૉ. રાકેશ પરમાર સંભાળશે.

ડૉ. રાકેશ પરમાર આજના વેબિનારના ત્રીજા દિવસના સર્વ વક્તાઓનું સ્વાગત કરું છું. સર્વ પ્રથમ હું વિશિષ્ટ વ્યાખ્યાનના પ્રથમ વક્તા ડૉ. ચેતન પરમારને આવકારું છું. ડૉ. ચેતન પરમારનો પરિચય આપતાં કહ્યું કે, ભાઈશ્રી ચેતન પરમાર ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં ઈશ્યુ સહાયક તરીકે ફરજ બજાવી રહ્યા છે. સને ૨૦૧૯માં ડૉ. યોગેશભાઈ પારેખના માર્ગદર્શન હેઠળ આપણી જ યુનિવર્સિટીમાંથી "ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથાલયોમાં ઇન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરીનું અમલીકરણ : એક સર્વેક્ષણ" નામક મહાનિબંધ રજૂ કરી તેમણે પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમને હું આજના વિશિષ્ટ વ્યાખ્યાન માટે આમંત્રિત કરું છું.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૬

**તારીખ : ૨૪-૬-૨૦૨૦ ને બુધવાર** **સમય : બપોરના ૩-૪૦ થી ૪-૧૦**

**વિષય : સંસ્થાકીય રીપોઝિટરી (Institutional Repository)**

**વક્તા : ડૉ. ચેતન ડી. પરમાર, ઈશ્યુ સહાયક, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, આશ્રમ રોડ, અમદાવાદ.**

"આટલો સંદેશો મારા ગુરૂજીને કહેજો..."ની સુંદર રચનાને સુમધુર અવાજમાં વ્યક્ત કરી શ્રોતાઓને ભાવ-વિભોર બનાવી ઇન્સ્ટિટ્યુશનલ રીપોઝિટરી ઉપર પોતાના વિચારો રજૂ કરતાં કહ્યું કે, મારા સંશોધન કાર્ય દરમિયાન ગુજરાતના યુનિવર્સિટી ગ્રંથાલયોમાં 'ઇન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરી' ઉપર જ મહાનિબંધ રજૂ કર્યો છે. જેમાં ત્રણ વર્ષ કરેલા સંશોધન કાર્યના નિચોડ સ્વરૂપ મારા વિચારો ગ્રંથાલય વ્યવસાયિકો સમક્ષ રજૂ કરતાં હું આનંદ અનુભવું છું. શરૂઆતમાં તેમણે 'Institutional Repository' એટલે શું ? તેના માટે ગુજરાતમાં શૈક્ષણિક સંસ્થાઓમાં શું પરિસ્થિતિ છે ? તે વિશે વિગતે વાત કરી હતી. તેમના વ્યાખ્યાનમાં તેમણે આઈ.આર. વિશે નીચેની બાબતો પર ખાસ ચર્ચા કરી હતી. જેથી કે આઈ. આર. એટલે શું ? આઈ. આર.ની જરૂરિયાત શા માટે ? આઈ. આર. માટે પ્રાપ્ત થતાં વિવિધ મૂલ્ય સોફ્ટવેર. આ બાબતો પર તેમણે પ્રકાશ પાડ્યો હતો. તેઓએ પોતાના સંશોધન કાર્ય દરમિયાન જુદી જુદી સંસ્થાઓની મુલાકાત લઈ પ્રત્યક્ષ જોયેલી બાબતોને ગ્રંથાલય વ્યવસાયિકો સમક્ષ રજૂ કરી હતી. સંશોધનના ઘણાં બધા પાસાઓને તેમણે સચોટ રીતે વ્યક્ત કર્યા હતા. આમ પણ સંશોધન કર્યા પછી સમાજને તેનો લાભ થવો જોઈએ. કબાટમાં બંધ પડી રહેતા સંશોધન કાર્યનો કોઈ અર્થ નથી. આપણે મેળવેલું જ્ઞાન બીજા સુધી પહોંચાડવું જોઈએ. આવા જ ઉમદા હેતુથી તેમણે કરેલા સંશોધન કાર્ય તથા તેની આનુષાંગિક બાબતોને સાંકળીને તેમણે સુંદર પ્રેઝન્ટેશન તૈયાર કર્યું હતું. ડિજિટલ ફોર્મેટ અને ઓપન સોર્સ સોફ્ટવેર મારફત એ સરળ રીતે શોધી શકાય તે રીતે મુકવી. આઈ.આર.ના માધ્યમથી માહિતીને એક પ્લેટફોર્મ ઉપર મુકવાથી

સ્ટાફ અને સંસ્થાઓ તેનું સંચાલન કરી શકે છે અને તેનું મહત્તમ મૂલ્ય મેળવી શકે છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે રીપોઝેટ્રી સંશોધિત શિક્ષણ અને વહિવટી પ્રક્રિયામાં મદદ કરી શકે છે. ઓપન એકસેસ માટે, સંશોધન માટે તે વપરાય છે. આઈ.આર. તે કોઈ સંસ્થાના ફેકલ્ટી અથવા એડમિન કર્મચારીઓની પબ્લિકેશન સિદ્ધિઓને મૂકવાથી સંસ્થાના પ્લેટફોર્મ પર તેની જાણકારી અને પ્રસિદ્ધિ મળે છે. સંસ્થાને લગતી તમામ આર્કાઈવ બાબતો જેનો ઉપયોગ થતો હોય તેનો આમાં સમાવેશ કરવામાં આવે છે. તેઓએ પોતાના વ્યાખ્યાનમાં જ્ઞાન વ્યવસ્થાપન આંદોલન અને ડિજિટલ માહિતી વ્યવસ્થાપનની ઝડપથી પ્રાપ્ત થતી પરિપક્વતા ઉપર ભાર મૂક્યો હતો. તેઓએ પોતાના વ્યાખ્યાનમાં રીપોઝિટરી અને ઓપન સોર્સ સોફ્ટવેરનો સુંદર પરિચય આપ્યો હતો. ડિજિટલ લાઈબ્રેરીનું વિસ્તરણ આજે આઈ.આર. તરીકે ઓળખાય છે. જુદી જુદી ડિગ્રી માટે થતાં વિદ્વતાપૂર્ણ સંશોધન, પીએચ.ડી. મહાનિબંધ, યુનિવર્સિટીના અભ્યાસક્રમો, પરીક્ષામાં પૂછેલા પ્રશ્નપત્રો, જુદા જુદા પ્રોગ્રામના ફોટોગ્રાફ્સ, વિડીઓ, વર્તમાન પત્રોના કટીંગ્સ, મહત્વના પરિપત્રો, આ બધી બાબતોનો આઈ.આર.માં સમાવેશ થાય છે. આઈ.આર. તૈયાર કરવા માટેની જવાબદારીઓ તથા આઈ.આર.થી શું ફાયદા થાય છે તેનો ચિતાર રજૂ કર્યો હતો. યુનિવર્સિટીઓ તથા અન્ય સંસ્થાઓ માટે આઈ.આર.ની ભૂમિકાની તેમણે ઓળખ આપી હતી. સાથે સાથે વૈશ્વિક સમુદાય માટે આઈ.આર. શું ભાગ ભજવી શકે ? તેની વિગતે ચર્ચા કરી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

આભારવિધિ કરતાં ડૉ. રાકેશ પરમારે કહ્યું હતું કે 'સંપદા' કરીને આપણી ગુજરાત યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂશનલ રીપોઝિટરી છે. તેમાં અમોએ યુનિવર્સિટીના અભ્યાસક્રમો, જૂના પ્રશ્નપત્રો, ફેકલ્ટીના લેખો અને યુનિવર્સિટીના પ્રકાશનોની યાદી મૂકેલી છે. ડૉ. ચેતન પરમારે ખૂબ જ સુંદર અને ઉપયોગી થઈ પડે તેવી માહિતી પૂરી પાડી તે બદલ ચારેય સંસ્થાઓ વતી હું તેમનો આભાર માનું છું.

હવે પછી આપણા વિશિષ્ટ વ્યાખ્યાનનો વક્તા ડૉ. ઊર્મિલાબહેન પી. રાવતને હું આમંત્રિત કરું છું. ડૉ. ઊર્મિલા રાવત હાલમાં ગુજરાત કૉમર્સ કોલેજમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવે છે. તેમણે આપણી જ યુનિવર્સિટીમાંથી સને ૧૯૯૮માં B.L.I.Sc. અને સને ૨૦૦૧માં M.L.I.Sc. કર્યું હતું. આપણા ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી છે. તેમણે ઘણાં સંશોધન પેપરો લખ્યા છે અને પુસ્તક પણ લખ્યું છે.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૭

**તારીખ : ૨૪-૬-૨૦૨૦ ને બુધવાર** **સમય : સાંજના ૪-૧૫ થી ૪-૪૫**

વિષય : **માહિતી એકત્રીકરણના ઉપકરણો (Designing Data Collection Tools)**

વક્તા : **ડૉ. ઊર્મિલા પ્રવીણ રાવત, ગ્રંથપાલ, ગુજરાત કૉમર્સ કોલેજ, અમદાવાદ.**

વ્યાખ્યાનની શરૂઆત કરતાં કહ્યું કે,

**'सामर्थ्यमूलं स्वातन्त्रयम्, श्रममूलं च वैभवम् । न्यायमूलं सुराज्यं स्यात्, संघमूलं महाबलम् ॥'**

અર્થાત્ જ્યાં સંઘ અને સંગઠન હોય ત્યાં જ પ્રચંડ શક્તિ ઉદ્ભવે છે. વેબિનાર સીરિઝના આયોજકો ગુલિસા, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ તથા સર્વ ગુરૂજનોને મારા વંદન. 'ડિઝાઈનિંગ ડેટા કલેક્શન ટુલ્સ' વિષય પર પોતાના વિચારો રજૂ કરતાં કહ્યું કે પ્રશ્નાવલી એ માહિતી એકત્રિત કરવાનું ઉત્તમ સાધન છે. સંશોધન અભ્યાસના હેતુઓને

અનુરૂપ જરૂરી માહિતી મેળવવા માટે નમૂનાના પાત્રોને આપવામાં આવતા વ્યવસ્થિત પ્રશ્નોના સમૂહને પ્રશ્નાવલી કહે છે. ડેટા એકત્રીકરણ ઉપકરણો એટલે શું ? પ્રશ્નાવલી એટલે શું ? પ્રશ્નાવલીના હેતુ અને ઉદ્દેશો, પ્રશ્નાવલીના પ્રકારો, પ્રશ્નાવલી તૈયાર કરવાના વિવિધ પગથિયાં તથા પ્રશ્નાવલીના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરી હતી. શરૂઆતમાં આંતરિક ડેટા સ્રોતો અને બાહ્ય ડેટા સ્રોતોની વાત કરી તેમાં બાહ્ય સ્રોતોમાં પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના સ્રોતોની વાત કરી. દ્વિતીય કક્ષાના સ્રોતોમાં પ્રશ્નાવલી, મુલાકાત, અવલોકન, મનોવૈજ્ઞાનિક કસોટી, ક્રમ માપદંડ, વલણ માપદંડ, ઓળખ યાદી વગેરે જાણીતા ઉપકરણોની વિશદ્ ચર્ચા કરતાં પ્રશ્નાવલીના મુખ્ય સ્વરૂપોની ચર્ચા કરી તથા નિશ્રિત જવાબી, મુક્ત જવાબી અને ચિત્રાત્મક પ્રશ્નાવલી વિશે સમજ આપી. વધુમાં તેમણે પ્રશ્નાવલી સંરચના માટેના સોપાનોની ચર્ચા કરી, જેમાં તેના હેતુઓની, મુક્ત મુલાકાત, પ્રશ્નાવલી પત્રકની રચના, પ્રશ્નાવલીનું માળખું, તજજ્ઞીય અભિપ્રાય, પૂર્વેક્ષણ અને અંતિમ સ્વરૂપની રચના, પ્રશ્નાવલીની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતાનું નિર્ધારણ કરી શકાય. તથા પ્રશ્નાવલી ભરાઈને પરત આવે તે માટેનાં સૂચનોની જોરદાર રજૂઆત કરી હતી. શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ડૉ. રાકેશ પરમારે ચારેય સંસ્થા વતી ડૉ. ઊર્મિલા રાવતનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતું કે ઊર્મિલાબહેન બી.એડ્. કોલેજમાં નોકરી કરતા હતા. તેથી તેમનો ત્યાંનો અનુભવ તેમના કૌશલ્યમાં પ્રેરક બની રહ્યો છે. સંશોધન ક્ષેત્રે ખૂબ જ સારું એવું જ્ઞાન ધરાવે છે. યુ-ટ્યુબ ઉપર ઘણા બધા વ્યાખ્યાનો આપી વિદ્યાર્થી સમુદાયમાં લોકપ્રિય રહ્યા છે.

હવે પછીના વક્તા ડૉ. ગીતાબેન ગઢવીનો પરિચય આપતાં કહ્યું કે 'ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય' ડૉ. ગીતાબેન ગઢવી સ્વયં એક પરિચય છે તેમનો પરિચય આપવાનો ના હોય. આપ સર્વ તેમનાથી ખૂબ જ વાકેફ છો. સને ૧૯૯૮માં આપણી યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. સને ૨૦૦૬થી તેમણે કૉ-ઑર્ડિનેટર તરીકેની જવાબદારી સંભાળી. ત્યારબાદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તનો લાવી વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ વર્ક, પ્રેક્ટિકલ જ્ઞાન અને નવીન વિષયો સાથે અદ્યતન ટૅક્નૉલૉજીનું જ્ઞાન પૂરું પાડી વિદ્યાર્થીઓમાં વ્યવસાયિક, ટૅક્નૉલૉજિકલ, સંચાલકીય કૌશલ્ય પ્રદાન કરવામાં અદ્વિતીય ભૂમિકા ભજવી છે. જેનાથી આપ સર્વ સુવિદિત છો. તેમને હું વિશિષ્ટ વ્યાખ્યાન આપવા આમંત્રિત કરું છું.

## વર્તમાન સમય અંગે

આપ એ બાબતથી સુવિદિત છો કે, ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દર વર્ષે ત્રિદિવસીય ગ્રંથાલય સેમિનાર ગુજરાત રાજ્યના અલગ-અલગ સ્થળ પર આયોજન કરી ગ્રંથાલયક્ષેત્રની શૈક્ષણિક પ્રવૃત્તિ કરે છે. પરંતુ આ કોરોનાના સમયમાં કદાચ આ વર્ષે ત્રિદિવસીય સેમિનારનું આયોજન કરવું શક્ય બની શકે તેમ નથી. સમયની અનુકુળતા જોઈને માર્ચ માસમા એક દિવસનો કાર્યક્રમ કરવાની ઈચ્છા છે. જો કાર્યક્રમ કરવામાં આવશે તો દરેક મિત્રોને પત્ર દ્વારા તેની જાણ કરવામાં આવશે. શક્ય હશે તો આગામી કાર્યક્રમ રવિવારે ગોઠવવામાં આવશે. શક્ય તેટલા ગ્રંથપાલ મિત્રો અને ગ્રંથાલયક્ષેત્રમાં રસ ધરાવતા સૌ કોઈને પધારવા વિનંતી કરવામાં આવે છે.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૮

**તારીખ : ૨૪-૬-૨૦૨૦ ને બુધવાર** **સમય : સાંજના ૪-૫૦ થી ૫-૩૦**

**વિષય : ગ્રંથપાલોની ભૂમિકામાં આમૂલ પરિવર્તન (Paradigm Shift in Role of Librarians)**

**વક્તા : ડૉ. ગીતાબેન જી. ગઢવી કૉ-ઓર્ડિનેટર અને એસોસિયેટ પ્રોફેસર,**

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનુવર્સિટી, અમદાવાદ

ડૉ. ગીતાબેન ગઢવીએ વ્યાખ્યાન આપતાં કહ્યું કે કોવીડ-૧૯ની પરિસ્થિતિમાં આજે જ્યારે બધાં જ પ્રકારની સેવાઓને અસર પહોંચી છે, ત્યારે તેમાંથી ગ્રંથાલય સેવાઓ અપવાદ નથી; પેરડાઈમશિફ્ટ શબ્દનો અર્થ સમજાવવા માટે તેઓએ બે વ્યાખ્યા રજૂ કરી તે મુજબ : એક મહત્ત્વપૂર્ણ પરિવર્તન ત્યારે થાય છે જ્યારે કોઈ વિષય વિશે વિચારવાની અથવા કરવાની સામાન્ય રીતને નવી અને જુદી રીત દ્વારા બદલવામાં આવે છે અથવા એમ કહી શકાય કે ચોક્કસ કામ કરવા માટે ચીલાચાલુ રીતને બદલે નવી અને જુદી જ રીતે કાર્ય કરવું તેને પેરડાઈમશિફ્ટ કહેવામાં આવે છે. એક ચિત્ર દ્વારા પેરડાઈમશિફ્ટ કેવું હોય તે સમજાવતા તેમણે કહ્યું કે પેરડાઈમશિફ્ટ વૈજ્ઞાનિક હોઈ શકે, તે અસરકારક અને પુનઃ વિચારણાથી શક્ય બની શકે, કોઈ વિચાર કે મુદ્દાને આગળ લઈ જવા માટેની પ્રક્રિયા જેવું પણ હોઈ શકે. આમ મૂળભૂત વિચારોથી નવીન વિચારો તરફનો બદલાવ ટેકનોલૉજીને આધારિત હોય છે, જે વ્યક્તિ અને વ્યવસાયિકોને પ્રોત્સાહિત કરે છે. અમેરિકન પ્રેસિડેન્ટ બરાક ઓબામાની 'બદલાવ'ની વ્યાખ્યાનો ઉલ્લેખ કરતાં તેઓએ જણાવ્યું કે જો વ્યક્તિએ બદલાવ લાવવો હશે તો અન્ય કોઈ વ્યક્તિની રાહ જોવી ચાલશે નહીં, તેને માટે વ્યક્તિએ ખુદ પ્રયત્ન કરવો રહ્યો. ચાર્લ્સ ડાર્વિનની વ્યાખ્યા મુજબ પૃથ્વી પર હાલ જે પ્રજાતિઓ અસ્તિત્વ ધરાવે છે તે બધાં સૌથી વધુ હોશિયાર અને શક્તિશાળી છે એવું નથી, પરંતુ જે પ્રજાતિઓએ પરિવર્તન માટે સૌથી વધુ તૈયારી દર્શાવી છે અથવા પરિવર્તનને અપનાવ્યું છે તે ટકી શક્યા છે. પરિવર્તન અંગેના બર્નાર્ડ શૉના વિચારો રજૂ કરતાં તેમણે જણાવ્યું કે પરિવર્તન વિના વિકાસ શક્ય જ નથી. જેઓ પોતાના મનથી પરિવર્તનને સ્વીકારતા નથી તેઓ કશું જ બદલી શકતાં નથી.

આજે કોવિડ-૧૯ની મહામારીને કારણે વૈશ્વિક સ્તરે અર્થતંત્રને ઘણું નુકસાન થયું છે જેને કારણે હવે કેટલાંક દેશોએ 'ન્યુ નોર્મલ' - નવીન શરૂઆતના ભાગ રૂપે બધી જ સેવાઓને તબક્કાવાર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ALIA (The Australian Library and Information Association)ના મત મુજબ લોક ડાઉન બાદ ફરીથી સેવાઓની શરૂઆત કરવી એનો અર્થ એ નથી કે જે રીતે વસ્તુઓ કોવિડ-૧૯ પહેલાં હતી ત્યાં જ પાછા જવું; તેનો અર્થ લાઈબ્રેરી સેવાઓ માટેનો 'નવો સામાન્ય' અભિગમ તૈયાર કરવો પડશે. આમ લોકોની વધતી જતી અવરજવરને અને કોરોનાના ચેપના સંક્રમણને ભય સૂચક માનીને જૂની રીત રસમોને ભૂલીને 'નવીન શરૂઆત' કરવી જોઈશે.

તેઓએ દુનિયાના વિવિધ દેશોના ગ્રંથાલયોના ફોટોગ્રાફસ રજૂ કરી વૈશ્વિક વાસ્તવિકતાની માહિતી આપી અને દરેક ગ્રંથાલયો દ્વારા કરવામાં આવેલી. 'નવીન શરૂઆત' - ન્યુ નોર્મલના નીચે મુજબના મુદ્દાની ચર્ચા કરી.

ઈફ્લાના પ્રેસિડેન્ટ ગ્લોરિયા પરેઝ દ્વારા એક મહાન ગ્રંથાલય અને માહિતી મેનેજર બનવાની દિશામાં આપવામાં આવેલ મહત્ત્વના સૂચનો ઉપર પણ પ્રકાશ પાડ્યો. જેમાં ગ્રંથપાલે તેના ઉપભોકતાની જરૂરિયાતને સહાનુભૂતિપૂર્વક સમજવાની જરૂર છે. ઉપભોક્તા જે ભાષા સમજે છે તેને ધ્યાનમાં રાખીને શબ્દોનો ઉપયોગ કરવાનો છે. ઉપભોક્તાની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને ગ્રંથાલય સેવાઓની વ્યૂહરચના તૈયાર કરવી જેમાં પોતાની આગવી સૂઝબૂઝનો પણ ઉપયોગ કરવો. ગ્રંથાલય સેવાઓની શરૂઆત કરવામાં અને તેને મોટા પાયે ઉપભોકતાને પૂરી પાડવાનું શરૂ કરવામાં આવે ત્યારે કાનૂની માળખામાં રહીને પહેલ કરવી જેથી ભવિષ્યમાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે નહીં. કોઈપણ બદલાવ માટે માનસિક તૈયારી રાખવી અને જે બાબતમાં ફેરફાર લાવવાથી ગ્રંથાલયની સેવાઓમાં સુધારો થવાની શક્યતા હોય તેવી જ બાબતોમાં બદલાવ કરવો, કારણ કે પ્રકૃતિના નિયમોમાં બદલાવ એ એક જ એવું તત્ત્વ છે જે હંમેશા અસ્તિત્વ ધરાવે છે. ગ્રંથાલયીત્વ એક એવો કાર્યસંકલ્પ છે તે ઉત્તમ પ્રકારના ટીમ વર્ક વિના શક્ય નથી. ગ્રંથાલયની સેવાઓ એકવાર શરૂ કર્યા પછી તેનું સતત મૂલ્યાંકન કરતાં રહેવું જેથી જ્યાં જ્યાં ક્ષતિ રહેવા પામી હોય તો તેને શરૂઆતના તબક્કે જ નિવારી શકાય. ગ્રંથપાલે પોતાની જાતને ગ્રંથાલય વ્યવસાયમાં અમલમાં આવેલ વિકાસથી પરિચિત રહી પોતાના જ્ઞાનમાં સતત સુધારો કરતાં રહેવું જોઈએ. ગ્રંથપાલે જે જગ્યાએ પોતે કાર્યરત છે ત્યાં ખૂબ જ ખુશીથી પોતાની સેવાઓ આપવી અને સતત પોતાને સોંપવામાં આવેલ કામગીરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવો જોઈએ.

આમ, ગ્રંથપાલોની ભૂમિકામાં આવેલ આમૂલ પરિવર્તન (Paradigm shift in the Role of Librarians) વિષયને કોવિડ-૧૯ની મહામારીમાં પણ ઉત્સાહપૂર્વક, આત્મીયતા દાખવીને ઉપભોકતાની જરૂરી માહિતી તેમને અનુકૂળ સમયે અને સ્થળે પૂરી પડાવી અને પુસ્તકોના રખેવાળને બદલે માહિતીના પહોંચાડનાર કે પૂરી પાડનાર તરીકે પોતાની ઓળખ પુરવાર કરવી જોઈએ.

## પુસ્તક પરબના પ્રણેતા ડૉ.પ્રતાપરાય પંડ્યાનું અવસાન

ગુજરાતીઓને ફરી વાંચતા કરવાની પ્રવૃત્તિઓમાં તેમજ શિક્ષણ-સંસ્કાર અને વડીલોના ઉત્કર્ષના કામોમાં સબળ ટેકો પૂરો પાડનાર, 'પુસ્તક પરબ' (વડોદરા-અમરેલી અમેરિકા)ના પ્રણેતા ડૉ. પ્રતાપરાય પંડ્યાનું, વડોદરામાં ૮૨ વરસની અવસાન થયું છે. પ્રાથમિક શાળામાં નિવૃત્ત આચાર્ય અને મોટી વયે 'લોક સાહિત્યમાં માનવમૂલ્યો' જેવા વિષય પર સંશોધનાત્મક નિબંધ લખીને પી.એચ.ડી.ની પદવી મેળવનાર પ્રતાપભાઈ થોડા વરસોમાં જ સંસ્કારી નગરી વડોદરાના સંસ્કારજીવન સાથે ઓતપ્રોત થઈ ગયા હતા અને અનેકવિધિ પ્રવૃત્તિઓના પુરસ્કર્તા બની રહ્યા હતા. સાહિત્ય તેમજ સર્જકોને પ્રોત્સાહિત કરવાની તેમની સદ્ભાવના તેમના વતન-અમરેલી અને ઉચ્ચસ્થાન ભોગવતા સંતાનો સ્થાયી થયા છે ત્યાં અમેરિકા સુધી વિસ્તરી છે.

મુ.શ્રી પ્રતાપભાઈએ ગુજરાત પુસ્તકાલય મંડળને પ્રમુખસ્થાનેથી તેમજ તેની સંલગ્ન સંસ્થાઓને મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમના ચાર પુસ્તકો અને અનેક લેખો પ્રસિધ્ધ થયા છે. ચિંતનભર્યા લખાણો અને મર્મસભર બળકટ વાણી માટે પણ તેઓ દીર્ઘ સમય સુધી આપણી સ્મૃતિમાં રહેશે.

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ સ્વ.પ્રતાપભાઈ પંડ્યાને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

## ચોથો દિવસ

**તારીખ : ૨૫-૬-૨૦૨૦ ને ગુરૂવાર** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૩૦**

આજે ચોથા દિવસે વેબિનારની શુભ શરૂઆત કરતાં ડૉ. ગીતાબેન ગઢવીએ કહ્યું કે આ વખતના વેબિનાર સિરીઝમાં ચીલા-ચાલુ વિષયો રાખવાના બદલે નવા જ વિષયો પસંદ કરવામાં આવ્યા છે. ચોક્કસ હેતુની પૂર્તિ માટે કેટલાંક વિશિષ્ટ પ્રકારના ગ્રંથાલયો કે જેમનો ઉદ્દેશ અને હેતુ પોતાના ખાસ પ્રકારના વાચકોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવતા હોય છે. તેમની સેવાઓ સંસ્થાના ઉદ્દેશ મુજબની હોય છે. જ્યાં મૂલ્ય વર્ધક સેવાઓ આપવાની થાય છે. તેવા ગ્રંથાલયોના ગ્રંથાલયોને પણ વિશિષ્ટ વ્યાખ્યાન ફાળવવામાં આવ્યા છે, જેથી ગ્રંથાલય વ્યવસાયિકોને પણ આનો લાભ મળી શકે તેમ કહી સંચાલનનો કાર્યભાર ડૉ. રાકેશભાઈ પરમારને સોંપવામાં આવ્યો.

### વિશિષ્ટ વ્યાખ્યાન : ૯

**તારીખ : ૨૫-૬-૨૦૨૦ ને ગુરૂવાર** **સમય : બપોરના ૩-૪૦ થી ૪-૨૦**

**વિષય : કોર્પોરેટ ગ્રંથાયલ વિજ્ઞાન (Corporate Librarianship)**

**વક્તા : શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી, સિનિયર મેનેજર, એલ. એન્ડ ટી. નોલેજ સેન્ટર, વડોદરા.**

ડૉ. રાકેશભાઈ પરમારે આજના વિશિષ્ટ વ્યાખ્યાનમાં પ્રથમ વક્તા શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીનો પરિચય આપતાં કહ્યુ કે ધર્મેન્દ્રભાઈ ખૂબજ પ્રેમાળ અને મિલનસાર સ્વભાવના છે. આપણી યુનિવર્સિટીના સને ૧૯૯૪-૯૫ની બેચના વિદ્યાર્થી છે. આપણી યુનિવર્સિટીમાંથી તેઓ ડૉ. અતુલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરી રહ્યા છે. તેમના સંશોધનનો વિષય “A study on Assessment of Service Quality in University Libraries of Gujarat” છે. તેઓ જુદી જુદી સંસ્થાઓનો અનુભવ ધરાવે છે. NIFT માં ૬ વર્ષ કામ કર્યું અને હમણાં L & T, Knowledge City, Vadodara માં છેલ્લા ૧૨ વર્ષથી સિનિયર મેનેજર તરીકે કામ કરી રહ્યા છે. કોર્પોરેટ લાઇબ્રેરી શું છે ? શૈક્ષણિક ગ્રંથાલયોથી તે કેવી રીતે જુદી પડે છે તે વિશે આપણને માહિતી આપશે.

કોર્પોરેટ લાઈબ્રેરિયનશીપ એટલે શું ? તે અંગે સમજ આપતાં ધર્મેન્દ્રભાઈએ કહ્યું કે કોર્પોરેટ લાઈબ્રેરી એક એવું વિશિષ્ટ ગ્રંથાલયનું સ્વરૂપ છે જે મોટે ભાગે કોર્પોરેટ કંપનીના એક અગત્યના ભાગ તરીકે કાર્ય કરે છે. કોર્પોરેટ લાઈબ્રેરી મોટા ભાગે સતત સંશોધનલક્ષી સેવાઓ, માહિતી સંશાધનોનો સંગ્રહ જેનું વ્યવસ્થાપન અને તેના પ્રચાર-પ્રસારનું કાર્ય કરતા હોય છે. કોર્પોરેટ લાઈબ્રેરી જે તે કંપનીના નીતિ-નિયમો પ્રમાણે વિવિધ હોદ્દાઓ જેવા કે નૉલેજ મેનેજર, ઇન્ફર્મેશન ઓફિસર, નૉલેજ ઓફિસર, લાઈબ્રેરી મેનેજર વગેરે હોદ્દા ધરાવતા હોય છે. શૈક્ષણિક ગ્રંથાલય વિરુદ્ધ કોર્પોરેટ ગ્રંથાલય વિશે માહિતી આપતાં કહ્યું કે, શૈક્ષણિક ગ્રંથાલયમાં વાચક વર્ગને માહિતીની શોધ કેવી રીતે કરવી તેને સક્ષમ બનાવે છે. જ્યારે કોર્પોરેટ ગ્રંથાલયમાં વિવિધ સ્રોતોમાંથી યોગ્ય માહિતી શોધીને સંશોધન લક્ષી સેવાઓ તેમના વાચકોને આપે છે.

શૈક્ષણિક ગ્રંથાલયોમાં ધીમી ગતિએ નિર્ણયો લેવાતા હોય છે. જયારે કોર્પોરેટ ગ્રંથાલયોનાં નિર્ણય પ્રક્રિયા ખૂબ જ ઝડપી હોય છે. કોર્પોરેટ ગ્રંથાલયમાં ગ્રંથપાલની શું જરૂરિયાત છે તેની સમજ આપતાં કહ્યું કે કોર્પોરેટ ઓથોરિટી એમના પોતાના ડિજિટલ સામગ્રીઓ, માહિતી સ્રોતોના વ્યવસ્થાપનમાં મુશ્કેલી જણાતાં કોર્પોરેટ ગ્રંથપાલોની જરૂર પડતી હોય છે. કોર્પોરેટ ગ્રંથપાલો ખાસ કરીને પોતાના વાચક વર્ગ માટે માહિતીસ્રોતોનું યોગ્ય વ્યવસ્થાપન, તેની પુનઃ પ્રાપ્તિ માટે ICT નો ઉપયોગ કરીને વાચક વર્ગને પહોંચાડતા હોય છે. કંપનીમાં આવતા તમામ નવા કર્મચારીઓને ગ્રંથાલયે ઓપવર્ગ શિક્ષણ આપવું એટલું જ જરૂરી છે.

મિત્રો, આપ સૌ જાણો છો કે વાચકોની સંખ્યા દિવસે દિવસે ઘટતી જાય છે. આવા સંજોગોમાં મૂલ્યવર્ધિત સેવાઓ આપવી ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને કોર્પોરેટ લાઇબ્રેરીમાં સંશોધનલક્ષી સેવાઓ આપવાની હોય છે. માહિતીનું રી-પેકેજિંગ કરી, ઇલેક્ટ્રોનિક અથવા ડિજિટલ સ્વરૂપમાં આપવાની હોય છે. કોર્પોરેટ ગ્રંથાલયમાં ગ્રંથપાલે Multidisciplinary અભિગમ સાથે કામ કરવાનું હોય છે. વધુમાં કહ્યું કે કોર્પોરેટ ક્ષેત્રે નાણાંકીય સમસ્યા ઊભી થાય ત્યારે ગ્રંથાલય સમસ્યાનો ભાગ ન બનતાં નિરાકરણના ભાગ રૂપે બેસ્ટ પ્રેક્ટિસીસ તરીકે સેવા પ્રદાન કરવાની છે. કમ્યુનિકેશન અને રિલેશનશીપની વાત કરતા કહ્યું કે, કોર્પોરેટ ગ્રંથપાલ પાસે કમ્યુનિકેશન સ્કીલ તથા સેવાઓનું માર્કેટિંગ પણ અત્યંત જરૂરી છે. તેને કોર્પોરેટના મહત્ત્વના બિઝનેસની જાણકારી રાખવી ખૂબ જ મહત્ત્વની છે. ગ્રંથાલયમાં આવતી વાચન-સામગ્રીથી તેના વાચક વર્ગને ઇ-મેઇલ દ્વારા માહિતગાર કરવાના હોય છે. ગ્રંથાલયની વિવિધ સેવાઓ બ્લોગ અને સોશિયલ મીડિયાના માધ્યમથી પૂરી પાડી શકાય. કોર્પોરેટ ગ્રંથાલયમાં મૂડીનું રોકાણ અને વળતર મળે છે કે કેમ ? તે પણ જાણવું જરૂરી છે. ગ્રંથાલય સેવાઓનું માપન Servqual અને Libqual બે ટેક્નિક દ્વારા કરી શકાય છે. વાચકોના ફીડ-બેક ગ્રંથાલય વિકાસ માટે જરૂરી છે.

કોર્પોરેટ ગ્રંથાલયોના થોડા ઉદાહરણો આપતાં કહ્યું કે, દેશમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ દેશમાં મોટામાં મોટું નેટવર્ક છે. હાલમાં તેમની પાસે ૬૫ ગ્રંથાલયો છે. લાર્સન એન્ડ ટુબ્રો કંપની પાસે ૧૪ ગ્રંથાલયો છે. ઇન્ફોસિસ કંપની મૈસુર ખાતે ૩૫૦ એકર જમીનમાં મોટામાં મોટું ટ્રેનિંગ સેન્ટર ધરાવે છે. ટોરેન્ટ રિસર્ચ સેન્ટર, ઝાયડસ કેડિલા, સન ફાર્મા, એલેમ્બિક પાસે પોતાના સંશોધનાત્મક ગ્રંથાલયો છે. આમ કોર્પોરેટ લાઇબ્રેરિયનશીપ વિશે ખૂબ જ રસપ્રદ માહિતી પૂરી પાડી સર્વનો આભાર માની પોતાની વાણીને વિરામ આપ્યો.

ત્યાર બાદ ડૉ. ગીતાબેન ગઢવીએ કહ્યું કે ટી.સી.એસ. ગ્રંથાલયમાં સાત વ્યવસાયિક કર્મચારીઓ પૈકી પાંચ વ્યવસાયિકો GULISAA ના છે તે ગૌરવની વાત છે.

અંતમાં ડૉ. રાકેશ પરમારે શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદીનો આભાર માનતાં કહ્યું કે ઘણી બધી નવી વાતો જાણવા મળી. 'રીટર્ન ઑફ ઇન્વેસ્ટમેન્ટ, sustainability and Growth of Corporate Librarianship ઇત્યાદિ ખૂબજ ફળદ્રુપ વ્યાખ્યાન રહ્યું. આભાર.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૦

**તારીખ : ૨૫-૬-૨૦૨૦ ને ગુરૂવાર**
**સમય : સાંજના ૪-૨૫ થી ૫-૧૦**

**વિષય : વેબસાઈટ ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ (Website Design and Development)**

**વક્તા : ડૉ. અતુલભાઈ પટેલ, સિનિયર પ્રોજેક્ટ આસિસ્ટન્ટ, ઇન્ફિલબનેટ સેન્ટર, ઈન્ફોસિટી, ગાંધીનગર.**

ડૉ. રાકેશ પરમારે ડૉ. અતુલભાઈ પટેલનો પરિચય આપતાં કહ્યું કે જ્યારે આપણા ડિપાર્ટમેન્ટમાં ભણતા હતા ત્યારના અને આજના અતુલભાઈમાં ઘણું જ પરિવર્તન જોવા મળે છે. ફેકલ્ટી ડેવલપમેન્ટમાં તેમણે વ્યાખ્યાન આપ્યું હતું. હમણાં ગુજરાત યુનિવર્સિટીની વેબ-સાઈટનું કામ સંભાળી રહ્યા છે. કુલપતિશ્રી સાહેબની ખૂબ જ નજીકના વ્યક્તિ છે. તેઓ ઇન્ફિલબનેટમાં સિનિયર પ્રોજેક્ટ આસિસ્ટન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમને વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરું છું.

ડૉ. અતુલ પટેલે વ્યાખ્યાન આપતાં કહ્યું કે, આજના ડિજિટલ યુગમાં કંપનીઓ, પેઢીઓ, ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો, સંસ્થાઓ, સ્કૂલો, યુનિવર્સિટીઓ, કૉચિંગ ક્લાસ વગેરે વચ્ચે સ્પર્ધાઓ વધતી ગઈ છે. તેમાં પોતાની પ્રોડક્ટના પ્રચાર અને પ્રસાર માટે વેબસાઈટ માધ્યમનો ખૂબ જ બહોળો ઉપયોગ થવા લાગ્યો છે. આ વેબસાઈટ બનાવવાનું કામ વેબ ડિઝાઈનરનું છે. વેબ સાઈટ એક બિઝનેસ તરીકે ઉભરી આવવાને કારણે ઈન્ટરનેટનો ઉપયોગ પહેલાં કરતાં ખૂબ જ વધી ગયો છે. સર્વ પ્રથમ તો વેબ સાઈટ તૈયાર કરનાર વેબ ડિઝાઈનરમાં કૌશલ્ય અને કમ્પ્યૂટરથી સંપૂર્ણ જ્ઞાત હોવો જોઈએ. તેનામાં રુચિ, લગાવ અને મહેનત ખૂબ જરૂરી છે.

વેબ ડિઝાઈનર ગ્રાહકની જરૂરિયાતને સમજીને, જાણીને આકર્ષક સ્વરૂપમાં વેબ સાઈટ બનાવવાનું કામ કરે છે. વેબ પેઈઝ, હોમ પેઈઝ ઇત્યાદિ એવી રીતે તૈયાર કરે છે કે જેને કારણે લોકો તેનો વારંવાર ઉપયોગ કરતા બને છે. વેબ સાઈટ બનાવતાં પહેલાં આપણે જાણવું જોઈએ કે વેબ સાઈટ કેટલા પ્રકારની હોય છે ? સામાન્ય રીતે બે પ્રકારની હોય છે. એક સ્ટૅટિક (સ્થિર) વેબસાઈટ કે જેની માહિતી અને ડેટામાં બહુ બદલાવ આવતો નથી. દા.ત. સ્કુલ, કૉલેજ, યુનિવર્સિટી, કોચિંગ ક્લાસ વગેરે. બીજું ડાઈર્નમિક વેબસાઈટ કે જેની માહિતી અથવા ડેટામાં દિવસમાં કે કલાકમાં બદલાવ આવતો હોય છે. દા.ત. ઈ-કૉમર્સ વેબસાઈટ જેમ કે એમેઝોન, ફલીપકાર્ડ વગેરે. આજે આપણે જે વાત કરવાના છીએ તે સ્ટૅટિક વેબસાઈટ ખાસ કરીને યુનિવર્સિટીના સંબંધમાં, વેબસાઈટ ફ્રીમાં અને પ્રિમિયમથી બનાવી શકીએ. ફ્રી વેબસાઈટ માટે આપણે ગુગલમાં જઈને કોઈપણ વેબ બ્રાઉઝરનો ઉપયોગ કરીને ડાઉનલોડ દ્વારા તૈયાર કરી શકાય. આમાં HTML (Hyper Text Markup Language) આ કોઈ પ્રોગ્રામિંગ લેંગ્વેજ નથી, પરંતુ આની મદદથી વેબસાઈટ તૈયાર કરી શકાય છે. જો કે અત્યંત આધુનિક ચિત્રાત્મક, આકર્ષક બનાવવા માટે Photoshop Basic, CSS, Java જેવી પ્રોગ્રામિંગ લેન્ગવેજનો ઉપયોગ જરૂરી છે.

ગૂગલ સાઈટ બનાવતાં પહેલા તમારા લક્ષ્યને વ્યાખ્યાન્વિત કરો, તમારા પ્રેક્ષકોને શું જોઈએ છે ? તેની શોધ કરો. સાઈટ સાથે તમે શું કરવા માંગો છો ? તે નક્કી કરો. તમારી સાઈટ પર માહિતીનું માળખું કેવી રીતે બનાવવું ? તેની યોજના બનાવો. તેમ કહી વ્યાખ્યાન પૂરું કર્યું હતું. ડૉ. રાકેશ પરમારે ચારેય સંસ્થાઓ વતી ડૉ. અતુલ પટેલનો આભાર માન્યો હતો.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૧

**તારીખ : ૨૫-૬-૨૦૨૦ ને ગુરૂવાર** **સમય : સાંજના ૫-૧૫ થી ૬-૦૦**

**વિષય : મુક્ત સ્રોત પ્રાપ્તિ (Open Access Resources)**

**વક્તા : ડૉ. અતુલભાઈ ભટ્ટ, એસોસિયેટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.**

ડૉ. રાકેશ પરમાર, ગુજરાત યુનિવર્સિટી સંચાલિત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. અતુલભાઈ ભટ્ટને વિશિષ્ટ વ્યાખ્યાન માટે આમંત્રિત કર્યા હતા અને તેમનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો.

ડૉ. અતુલભાઈ ભટ્ટે "Increase the Impact of Research with Open Access Resources" ઉપર વ્યાખ્યાન આપતાં કહ્યું કે એકવીસમી સદી એ માહિતી ટેક્નૉલોજી ક્ષેત્રે થતાં સંશોધનોમાં મોખરે છે. અદ્યતન માહિતી ટેક્નૉલોજીના ઉપયોગથી ગ્રંથાલયોના ખર્ચના પ્રમાણમાં અસરકારકતા વધે છે. સેવાઓમાં ઉલ્લેખનીય પરિવર્તનો આવે છે. આંતરિક કાર્યોમાં સ્વચાલન લાવી શકાય છે, તેમજ સેવાઓમાં ઊભા થતા પ્રશ્નો હલ કરી શકાય છે. સંશોધન સંસ્થાઓના ગ્રંથાલયો, સંશોધન અને વિગતલક્ષી સંસ્થાઓ આવા મુક્ત સ્રોતની પ્રાપ્તિ (Open Access Resources) માટે પ્રયત્નશીલ હોય છે. Networked Digital Library of Theses and Dissertation (NDLTD) આશરે ૫૯,૩૨,૪૦૫ અપલોડ થયેલા છે, પરંતુ આને પ્રાપ્ત કેવી રીતે કરી શકાય ? કી વર્ડ દ્વારા આપ ચેક કરી શકો છો. વધુમાં કહ્યું કે ભારતમાં આપણે ત્યાં જેમ શોધ ગંગા છે. તેમ ઇંગ્લેન્ડમાં E-theses Online Service (ETHOS) છે. શોધ ગંગામાં રજિસ્ટ્રેશન જરૂરી નથી, પરંતુ વિશ્વમાં Access કરવા માટે તમારે રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આવી જ રીતે ખડકપુરમાં આવેલ National Digital Library of India (NDLI) એ એક પ્રકારની રીપોઝિટરી કહી શકાય. આ એક ભારત સરકારના MHRD હેઠળનો પ્રોજેક્ટ છે. આમાં તેર લાખ કરતાં પણ વધારે સ્રોતો ભારતની જુદી જુદી બોલાતી ભાષાઓમાં ઉપલબ્ધ છે. આ સ્રોતોના ઉપયોગ માટે રજિસ્ટ્રેશન જરૂરી છે. આમાં જૂથ રજિસ્ટ્રેશન શક્ય છે. તમારી સંસ્થામાં કામ કરતાં બધા જ લોકો ભેગા થઈને રજિસ્ટ્રેશન કરાવી શકે છે. તાજેતરના વર્ષોમાં અસાધારણ દરે મુક્ત પ્રવેશ સામયિકમાં વધારો થઈ રહ્યો છે. 'ડિરેક્ટરી ઑફ ઓપન એક્સેસ'માં ૧૯૭૦થી પણ વધારે સામયિકો છે. જે બધી જ ભાષાઓ અને વિષયોને આવરી લેવાનો હેતુ ધરાવે છે. અને જે વૈજ્ઞાનિક અને વિદ્વતાપૂર્ણ ગુણવત્તા સહિત સંપૂર્ણ પાઠ (Full Text) તદ્દન મફત પૂરાં પાડે છે. તેમણે વધુમાં કહ્યું કે, Directory of open Access Research (DOAJ), Collection of Open Access Research (CORE), Research Papers in Economics (RePEc) અર્થશાસ્ત્ર વિષય પરની ખૂબ જ મોટી રીપોઝિટરી છે. Open Humanities Press, Online Archive of California, International Court of Justice ઇત્યાદિ પ્લેટફોર્મ ઉપરથી માહિતી મેળવી શકીએ છીએ. સમાપન કરતાં કહ્યું કે, સફળતા એ અકસ્માત નથી (Success is no accident) મને અહિંયા વિચારો રજૂ કરવાની તક આપી તે બદલ આયોજકોનો આભાર.

આભાર વિધિ કરતાં ડૉ. રાકેશ પરમારે કહ્યું કે, શોધ ગંગાથી શરૂ કરી આંતરરાષ્ટ્રીય સંશોધનના બધા જ માધ્યમોની તથા મુક્ત પ્રાપ્તિ (O.A.) અને મુક્ત સ્રોતો (O.R.) શું છે ? તેની ઝીણવટભરી ચર્ચા કરી વ્યવસાયિકોને જ્ઞાનસભર બનાવવા બદલ ડૉ. અતુલભાઈ ભટ્ટનો ચારેય સંસ્થા વતી આભાર માનું છું. આજે ધાર્યા કરતાં મોડું થયું છે તેથી આજના સેશન સમાપનની પણ અત્રેથી જાહેરાત કરું છું.

# પાંચમો દિવસ

**તારીખ : ૨૬-૬-૨૦૨૦ ને શુક્રવાર** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૫૫**

આજના પાંચમા દિવસના વેબિનારમાં તમામ સંસ્થાઓ વતી ડૉ. રાકેશ પરમારના સ્વાગત પ્રવચન બાદ વેબિનારનું સંચાલન કરતાં ડૉ. ગીતાબહેન ગઢવીએ આજના વક્તાઓનો પરિચય આપતા કહ્યું કે, આજના વિશિષ્ટ વ્યાખ્યાનના પ્રથમ વક્તા ડૉ. ઇન્દિરાબહેન ડોડિયા છે. જે આપણી યુનિવર્સિટીના ૨૦૦૦-૨૦૦૧ના વિદ્યાર્થિની છે. તેઓ M.Sc. થયેલા છે. સન ૨૦૧૨માં તેમણે NET પરીક્ષા પાસ કરી છે. તેઓ સંશોધન લેખન અહેવાલ ઉપર પોતાના વિચારો રજૂ કરશે. યુ.જી.સી.ના સ્ટાન્ડર્ડ દિવસે દિવસે બદલાતા જાય છે. તેઓ સ્ટાન્ડર્ડ વિશે પણ આપણને માહિતગાર કરશે. આપણી યુનિવર્સિટીમાં Ph.D. ના માર્ગદર્શક છે. તેમના માર્ગદર્શન હેઠળ હાલ ચાર વિદ્યાર્થીઓ Ph.D. કરી રહ્યા છે. હાલમાં ગુજરાત યુનિવર્સિટી સંચાલિત K. S. School of Business Management ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકે ફરજ બજાવે છે.

આજના આપણા બીજા વક્તા ડૉ. લવજી ઝાલા હંમેશા હસતા રહેતા. સામે મળે તો બોલાવ્યા વિના ન રહે તેવી એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતા નર્મદિલ વ્યક્તિ છે. માઈકા ગ્રંથાલયમાં વહિવટી અધિકારી તરીકે કામ કરી હાલમાં એસ. પી. યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્ય કરી રહ્યા છે. 'ગ્રીનસ્ટોન' સોફ્ટવેરમાં તેમની ખૂબ જ માસ્ટરી છે. આપણે ત્યાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે આવતા હતા. અમદાવાદ આવે ત્યારે અચૂક મળવા આવે તેવા મિલનસાર સ્વભાવના ડૉ. લવજી ઝાલાને સાંભળવું આપણને ગમશે. પ્રથમ ડૉ. ઇન્દિરાબેન ડોડિયાને આવકારું છું.

•

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૨

**તારીખ : ૨૬-૬-૨૦૨૦ ને શુક્રવાર** **સમય : બપોરના ૩-૪૦ થી ૪-૩૫**

**વિષય : સંશોધન લેખન અને પ્રકાશન (Research Writing and Publishing)**

**વક્તા : ડૉ. ઈન્દિરાબેન એન. ડોડીયા, મદદનીશ ગ્રંથપાલ, બી. કે. સ્કૂલ ઑફ બિઝનેશ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.**

ડૉ. ઇન્દિરાબહેન ડોડીયાએ સંશોધન લેખન વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરતાં કહ્યું કે, સંશોધન લેખનમાં બે મુદ્દાઓ મહત્ત્વના છે. એક સંશોધન લેખ ને બીજો સંશોધન થીસિસ / ડિસ્સર્ટેશન કેવી રીતે લખાય ? સર્વ પ્રથમ તો સંશોધન શા માટે ? સંશોધન લેખ કેવી રીતે લખવા ? સંશોધન લેખના સ્ટ્રક્ચર વગેરે માહિતીનો સમાવેશ કર્યો હતો. વિસ્તૃત છણાવટ કરતાં કહ્યુ કે ઉત્તમ સંશોધન લેખ કેવી રીતે લખવા ? તેમાં તેઓએ ચાર પદ્ધતિઓનું વર્ણન કર્યું હતું. પદ્ધતિ-૧ મુજબ તમારી જાતને મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પૂછો. તમારા વિષયની પસંદગી એ તમારા સંશોધન પેપરનું પ્રથમ અને સૌથી મહત્ત્વનું પગલું છે. આ અંગે થોડા પ્રશ્નો ધ્યાનમાં રાખવા જોઈએ. પદ્ધતિ-૨ મુજબ સંશોધન કરવું. તમારી શોધ શરૂ કરો ત્યારે પ્રયોગમૂલક સંશોધન માટે ગ્રંથાલયની મુલાકાત લો. ઓન લાઈન સર્ચ કરો. શૈક્ષણિક ડેટાબેઝનો ઉપયોગ કરો અને તમારા સંશોધનથી ક્રિએટિવીટી મેળવો જેવા મુદ્દાઓ સ્પષ્ટ કર્યા. પદ્ધતિ-૩ મુજબ સંશોધનની

રૂપરેખા બતાવવી. તમારા સંશોધન પેપરનું વિવેચન કરો. તમારી નોંધોને વ્યવસ્થિત ગોઠવો. પ્રારંભિક ગ્રંથ સૂચિ / સંદર્ભ પૃષ્ઠ બનાવો. તમારા સંશોધન પેપરનું લક્ષ્ય નક્કી કરો અને પદ્ધતિ-૪ મુજબ તમારા સંશોધન પેપર લખવાની રીતમાં તમારો મુખ્ય ફકરો લખો અને અંતે નિષ્કર્ષ લખો. સંશોધનનાં તમામ પગલાં માટે પુસ્તકાલયના સંશાધનો મહત્ત્વપૂર્ણ છે. તે વિષે પણ પ્રકાશ પાડ્યો હતો. બીજા ભાગમાં તેમણે થીસીસ અને ડિસ્સર્ટેશનનો તફાવત દર્શાવતા કહ્યું કે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિબંધો વિષેની જુદી જુદી વેબસાઇટ્સ જેવી કે Western Libraries, PQDT open, NDLTD (Networked Digital Library of Theses and Dissertations (OATD), etd@IISc વિષે જ્ઞાન આપ્યું હતું. સંશોધન કાર્ય કરતાં પહેલાં શું ધ્યાનમાં રાખવું તે વિષેના મુદ્દાઓ જણાવ્યા હતા. અંતિમ ચરણ તરફ જતાં તેમણે ડિસ્સર્ટેશન અને થીસીસ લખવાના પગલાં જણાવ્યા હતા અને સંશોધનમાં ગ્રંથાલયનું મહત્ત્વ દર્શાવી વ્યાખ્યાન પૂર્ણ કર્યું હતું.

ડૉ. ગીતાબેન ગઢવીએ કહ્યું 'ગુરુ કરતાં ચેલા સવાયા હોય' વ્યાખ્યાન ખૂબજ સરસ રહ્યું એટલું જ નહિ, પરંતુ સંશોધનકર્તાઓ માટે ખૂબ જ આશીર્વાદરૂપ બની રહેશે. તેમ કહી બીજા વક્તા ડૉ. લવજીભાઈ ઝાલાને આમંત્રિત કર્યા. ડૉ. ઝાલા માઈકા ગ્રંથાલયનો ૧૫ વર્ષનો અનુભવ ધરાવે છે. કોન્ફરન્સ અને રીસર્ચ જર્નલમાં પેપરો પણ રજૂ કર્યા છે. હમણાં યુ.જી.સી.નો ૪.૫૦ લાખનો માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ મળ્યો છે તેમાં તેઓ વ્યસ્ત છે. આપણી યુનિવર્સિટીના સને ૧૯૯૭-૯૮ની બેચના વિદ્યાર્થી છે.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૩

**તારીખ : ૨૫-૬-૨૦૨૦ ને ગુરૂવાર** **સમય : સાંજના ૪-૪૫ થી ૬-૦૦**

**વિષય : ગ્રીનસ્ટોન : ગોઠવણીથી સ્થાપિત કરવી (Green Stone : Installation to Application)**

**વક્તા : ડૉ. લવજી ઝાલા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.**

ડૉ. ગીતાબહેન ગઢવીએ કહ્યું કે આજના વિશિષ્ટ વ્યાખ્યાનના બીજા વક્તા ડૉ. લવજી ઝાલાને આમંત્રિત કરું છું. ડૉ. ઝાલા પોતાનું વ્યાખ્યાન શરૂ કરે તે પહેલાં કમ્પ્યૂટર, લેપટોપમાં કેટલીક ટૅક્નિકલ એરરને કારણે લગભગ ૦૫=૧૦ સુધી તેઓ પાર્ટિસિપેટ્સ સાથે કનેક્ટ થઈ શક્યા નહીં. ત્યારબાદ "પ્રાદેશિક સંગ્રહ સુસંગઠિત કરવા ગ્રીનસ્ટોન ડિજિટલ લાઈબ્રેરી સોફ્ટવેર એ આશીર્વાદ સમાન છે ? વિષય પર પોતાનું વ્યક્તવ્ય આપતાં કહ્યું કે કોઈપણ ડિજિટલ ગ્રંથાલય પ્રોજેક્ટ માટે ખૂબ જ ઉપયોગી સોફ્ટવેર છે. સૌ પ્રથમ ડિજિટલ ગ્રંથાલય પ્રોજેક્ટના મિશન અને વિઝન શું છે ? અને તે કેવી રીતે નક્કી કરવા તેની ઝીણવટભરી છણાવટ કરી હતી. કોઈપણ ડિજિટલ ગ્રંથાલય પ્રોજેક્ટમાં કામ કરવા માટે તે પ્રમાણેનું કૌશલ્ય અને અનુભવ ધરાવનાર વ્યક્તિઓને પસંદ કરવા જોઈએ. આ ઉપરાંત જો નાણાંકીય બોજો ઓછો કરવા પ્રોજેક્ટમાં અન્ય સંસ્થાને પણ ભાગીદાર બનાવવી જોઈએ. જેમ કે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન એ સંશોધનને પ્રોત્સાહન આપવા UGC અને ICSSR જેવી સંસ્થાઓ માઇનોર અને મેજર પ્રોજેક્ટ માટે ગ્રાન્ટ આપતી હોય છે. વધુમાં કહ્યું કે હું Digital Library of Gujarat in the Vernacular

Language; A model for Government of Gujarat'' પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છું. અને આ પ્રોજેક્ટ માટે ICSSR, New Delhi તરફથી રૂા. ૪,૫૦,૦૦૦/- મંજૂર કરવામાં આવ્યા છે. પ્રોજેક્ટની સમજૂતી આપતાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત સરકારના વિવિધ પ્રકારના પ્રકાશનો અથવા પ્રલેખો પ્રકાશિત કરે છે, જેમાં પરિપત્રો, સરકારી ઠરાવો અને જાહેરનામા જેવા પ્રકાશનો સમાજના તમામ વર્ગોને ઉપયોગી બનતા હોય છે. આ તમામ પ્રકાશનો એક જ જગ્યાએથી એક જ પ્લેટફોર્મ દ્વારા માતૃભાષામાં જ એકસેસ કરી શકાય અને પુનઃ પ્રાપ્તિ કરી શકાય તથા પ્રમાણભૂત મેટાડેટા સ્ટાન્ડર્ડનો ઉપયોગ દ્વારા ડેટા સરળતાથી આપ-લે કરી શકાય તે માટે ગ્રીનસ્ટોન ડિજિટલ લાઈબ્રેરી સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે તેની ચર્ચા કરી હતી. ગ્રીનસ્ટોન ઈન્સ્ટોલ કરવા માટે ૩ થી ૫ મિનિટનો જ સમય લાગે છે અને ફ્રીમાં ઈન્સ્ટોલ થઈ શકે છે. વધુમાં ડિજિટલ ગ્રંથાલય પ્રોજેક્ટ વખતે કેવા પ્રકારના સ્ત્રોતોને પસંદ કરવા જોઈએ તેની પર ચર્ચા કરી હતી, જેમ કે કોપીરાઈટ અને અન્યની માલિકીની વાંચન સામગ્રી પરવાનગી વગર ડિજિટાઈઝ કરવી નહીં. ફાટી ગયેલ પરંતુ ખૂબ જ ઉપયોગી તથા ઐતિહાસિક અને સંશોધનની દૃષ્ટિએ મહત્ત્વની વાચન સામગ્રીને ડિજિટાઈઝ કરવી જોઈએ. પ્રમાણભૂત મેટાડેટા પસંદ કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. પ્રાદેશિક ભાષામાં લખાયેલ વાચનસામગ્રીનો એક જગ્યાએ સંગ્રહ શોધ અને પુનઃપ્રાપ્તિ થાય છે તે માટે ગ્રીનસ્ટોન ડિજિટલ લાઈબ્રેરી સોફ્ટવેર પસંદ કરવા પર ભાર મૂક્યો હતો. તેના કારણો રજૂ કરતા કહ્યું કે ગ્રીનસ્ટોન ડિજિટલ લાઈબ્રેરી સોફ્ટવેર પ્રાદેશિક ભાષા (ગુજરાતી)માં ઈન્સ્ટોલ કરી શકાય છે. ભારતની આઠ ભાષામાં આ શક્ય છે, પરંતુ ગુજરાતી ભાષા સિવાય અન્ય ભાષામાં ઈન્સ્ટોલ કરવાની સુવિધા નથી. વિશ્વની કુલ ૬૧ ભાષામાં ઈન્સ્ટોલ કરી શકાય છે. તેમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

ડૉ. અશ્વિન ભાવસારે આજના વક્તાઓનો આભાર માનતા કહ્યું કે, ડૉ. લવજી ઝાલા સાહેબને ટૅક્નિકલ એરર ઊભી ના થઈ હોત તો ઘણો વધારે લાભ મળી શક્યો હોત, ખેર ! આજના બંને વિશિષ્ટ વ્યાખ્યાનો સરસ અને ફળદ્રુત રહ્યા તેનો વિશેષ આનંદ છે. અસ્તુ...

## બીજાના લખાણની ઉઠાંન્તરી કરનારા નીચેની સત્ય ઘટના અવશ્ય વાંચજો

'આ બધું કયારે થશે ?' જાણીતા સાહિત્યકાર શ્રી પ્રફુલ્લભાઈ ત્રિવેદી પોતાના ઉપર આવી પડેલ એક એવી જવાબદારી પૂર્ણ કરવા જઈ રહ્યા હતા. 'સ્વસ્તિક સાહિત્યિક વર્તુળ' દ્વારા યોજાયેલ લઘુકથા સ્પર્ધાના નિર્ણાયક તરીકે તેમણે સ્પર્ધાકોએ મોકલેલ લઘુકથાઓ જોઈ, યોગ્ય નિર્ણય આપવાનો હતો. પ્રથમ, દ્વિતીય તથા તૃતિય ક્રમમાં આવતાં સ્પર્ધકોને ખાસ ઈનામ અને અન્ય પાંચને પ્રોત્સાહક ઈનામ પણ આપવાનાં હાઠેઈ કોઈને પણ અન્યાય ન થાય તે જરૂરી હતું.

એક પછી એક લઘુકથાઓ વાંચતા વાંચતા, એક લઘુકથા 'તારણહાર' હાથમાં લેતા, અચાનક જ એ અટકી ગયા. ધીમેથી ઉભા થયા. કબાટમાંથી એક પછી એક એમ બે ત્રણ થપ્પીઓ કાઢી. એક થપ્પીમાંથી 'સવિતા' સપ્ટેમ્બર ૬૭નો અંક બહાર કાઢ્યો.

થોડા પાના ફેરવ્યા..., 'સવિતા' લઘુકથા સ્પર્ધામાં પ્રથમ ઈનામ વિજેતા કૃતિ 'તારણહાર-લેખક : પ્રફુલ્લ ત્રિવેદી-ઈનામ રૂ. ૫૧/- એમણે વાચ્યું. ફરીથી સ્પર્ધકની કૃતિ 'તારણહાર' જોઈ. એ સહેજ મલકી ગયા અને કૃતિ નીચે નોંધ કરી 'નો કોમેન્ટ્સ.'

**- ચંદ્રકાન્ત નિર્મલ**

## છઠ્ઠો દિવસ

**તારીખ : ૨૭-૬-૨૦૨૦ ને શનિવાર** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૪૦**

વેબિનાર સિરીઝના આજના છઠ્ઠા દિવસના સેશનની શરૂઆત કરતાં ડૉ. અતુલ ભટ્ટે સાતેય દિવસના વક્તાઓ અને શ્રોતાઓનું સ્વાગત કરતાં કહ્યું કે હું ડૉ. ગીતાબહેન ગઢવી, ડૉ. યોગેશ પારેખ તથા ડૉ. રાકેશ પરમારને અભિનંદન પાઠવું છું. આજના આ સાંપ્રત સમયમાં એમણે એક એવું પ્લેટફોર્મ ઊભું કર્યું છે. જેમાં કારકિર્દી ઘડી રહ્યા છે તેવા અને જેમને કારકિર્દી ઘડવાની બાકી છે તેવા બે સમુદાયનો સમન્વય કર્યો છે. આજે ચાર વકતાઓ આપણી સાથે જોડાયા છે. તેમના વિશિષ્ટ જ્ઞાનનો લાભ લઈએ તેવી શુભેચ્છા સાથે આગળની કાર્યવાહી ડૉ. ગીતાબહેન ગઢવી સંભાળશે તેમ કહી સ્વાગત પ્રવચન પૂરું કર્યું હતું.

વિશિષ્ટ વ્યાખ્યાનના પ્રથમ વક્તા ડૉ. સંદીપ પટેલનો પરિચય આપતાં ડૉ. ગીતાબહેન ગઢવીએ કહ્યું કે, તેઓ હાલમાં ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ આપણી યુનિવર્સિટીના સને ૨૦૦૭ અને ૨૦૦૮ના BLISc અને MLISc ના ગોલ્ડ મેડાલિસ્ટ વિદ્યાર્થી છે. તેઓએ સને ૨૦૧૮માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી ડૉ. અતુલભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ 'The Application of Web 2.0 Tools in Indian State University Libraries and Analysis of their Impact on Library and Information Services : A case Study" નામક થીસીસ રજૂ કરી Ph.D. ની પદવી પ્રાપ્ત કરી છે. તેમને વ્યાખ્યાન આપવા આમંત્રિત કરું છું.

### વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૪

**તારીખ : ૨૭-૬-૨૦૨૦ ને શનિવાર** **સમય : બપોરના ૩-૪૫ થી ૪-૧૫**

**વિષય : ઝોટેરો : રેફરન્સ મેનેજમેન્ટ ટૂલ્સ (Zotero : Reference Management Tools)**

**વક્તા : ડૉ. સંદીપ એસ. પટેલ, ગ્રંથપાલ, ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.**

ડૉ. સંદીપ પટેલે રેફરન્સ મેનેજમેન્ટ ટુલ્સ ઝોટેરો અંગે માહિતી આપતાં કહ્યું કે ઓપન એક્સેસ પ્લેટફોર્મ પર ઘણાં બધા રેફરન્સ મેનેજમેન્ટ ટુલ્સ પ્રાપ્ય છે તે પૈકી કેટલાંક ટુલ્સ ફ્રી ઓફ કોસ્ટ મળતા હોય છે અને કેટલાંક કોમર્શિયલ છે. જેમ કે હાલમાં Mendeley, Zotero, Endnote, Reference Manager તથા KiBibTex એ રેફરન્સ મેનેજમેન્ટ ટુલ્સ છે. આમાં Mendeley અને Zotero એ ઓપન એક્સેસ પ્લેટફોર્મ પરથી ફ્રી ઓફ કોસ્ટ આપ ડાઉનલોડ કરી શકો છો. આપણે આજે Zotero ને ડાઉનલોડ પ્રક્રિયાથી લઈને એકસેસ કરવા સુધીની સફરની વાત કરીશું. જ્યારે આપણે કોઈ વિધ્વતાપૂર્ણ સંશોધન લેખ તૈયાર કરી રહ્યા હોઈએ અથવા તો Ph.d થીસીસનું કામ કરી રહ્યા હોઈએ ત્યારે આપણા વિષય સંબંધિત કેટલાંક સંદર્ભોની જરૂરિયાત રહે છે. તે પુસ્તકમાંના લેખ કે જર્નલ્સમાંના આર્ટિકલ્સ સ્વરૂપમાં હોઈ શકે છે. તેને આપણા લેખમાં કે થીસીસમાં સાઇટ કરવા અત્યંત જરૂરી હોય છે. ભૂલાઈ ના જવાય તે માટે તેને Zoteroમાં નાંખી દેવાથી ગમે ત્યારે ગમે તે સમયે તમને તે સંદર્ભો મળી રહે છે. આ ઓપન સોર્સ સોફ્ટવેર Zoteroની વેબસાઈટ ઉપર જઈને તેને ડાઉનલોડ કરી શકાય છે. તેમાં My Library ઊભી કરી શકો છો. આમાં જુદા જુદા ફોલ્ડર બનાવવાની સુવિધા છે. જેમાં જર્નલના

આર્ટિકલ્સ તથા ઉપયોગમાં લીધેલ બુક્સની વિગતો ડાઉનલોડ થઈ શકે છે. આમાં મેન્યુઅલી ફેરફાર કરવાની સુવિધા પણ છે. આમાં સર્ચ તમે કી વર્ડ, લેખક, પ્રકાશન વર્ષ, ISBN કે ISSN નંબર ઉપરથી પણ કરી શકાય છે. તેમણે ઉદાહરણ દ્વારા સમજાવતાં કહ્યું કે ધારો કે ધૂમકેતુની 'તણખા મંડળ' પુસ્તક છે અથવા ચેતન ભગતના કોઈ પુસ્તકનો માત્ર ISBN નંબર છે તો માત્ર લેખકના નામથી કે ISBN નંબર ઉપરથી પુસ્તકની બધી જ વિગતો આપણને એક સાથે મળી રહે છે અને તેને My Library ફોલ્ડરમાં Save કરી શકાય. આમાં સંદર્ભસૂચિ અને વાઙ્મયસૂચિ બનાવવાની પણ સુવિધા છે. Zotero રેફરન્સ ટુલમાં સાઈટેશન ઉપર ક્લીક કરવાથી સાઇટેશન સ્ટાઈલ દેખાઈ પડે છે તેમાંથી કોઈ એક મેથડ પસંદ કરી ડૉ. સંદીપ પટેલનો આભાર માની આજના વિશિષ્ટ વ્યાખ્યાનના બીજી વક્તા ડૉ. રાકેશભાઈ પરમારનો સંક્ષિપ્તમાં પરિચય આપતાં ડૉ. ગીતાબેન ગઢવીએ કહ્યું કે, હું ગુજરાત યુનિવર્સિટીમાં સને ૧૯૯૮માં જોડાઈ ત્યારે તેઓ મારી પ્રથમ બેચના વિદ્યાર્થી હતા. સને ૨૦૦૮માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી M.Phil કર્યું અને આજ યુનિવર્સિટીમાંથી સને ૨૦૧૯માં Ph.D. કર્યું. તેઓ બે Ph.D. ડિગ્રી ધરાવે છે. ૯૦ જેટલા સેમિનાર અને કોન્ફરન્સ એટેન્ડ કરી છે. ૪૦ જેટલા પેપરો લખ્યા છે. ઇતિહાસ વિષયની કોન્ફરન્સમાં ૧૦ જેટલા ગોલ્ડ મેડલ્સ અને પારિતોષિક ઇનામો મેળવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ તરીકેની ફરજ બજાવવા ઉપરાંત આપણે ત્યાં છેલ્લા ૧૨ વર્ષથી મુલાકાતી પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી રહ્યા છે. આવો આપણે તેમને સાંભળીએ.

•

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૫

**તારીખ : ૨૭-૬-૨૦૨૦ ને શનિવાર** **સમય : સાંજના ૪-૨૦ થી ૫-૦૦**

**વિષય : બૌદ્ધિક સંપદાનો કાયદો અને કાયદાકીય પ્રશ્નો (IPL and Legal Issues)**

**વક્તા : ડૉ. રાકેશ ડી. પરમાર, મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ.**

ડૉ. રાકેશ પરમારે વ્યાખ્યાન આપતાં કહ્યું કે સર્વ પ્રથમ આઈ.પી. એટલે શું ? આઈ.પી.એલ. એટલે શું ? અને બૌદ્ધિક સંપદાના કાયદામાં કઈ બાબતો સમાવિષ્ટ થાય છે ? તે આપણે સમજીએ. બંધારણીય રીતે IPL નું શું મહત્ત્વ છે ? IPL સાથે સંકળાયેલા અલગ-અલગ મુદ્દાઓ જેવા કે ઔદ્યોગિક ડિઝાઈન, પેટન્ટ, ટ્રેડમાર્ક, Tm સિક્રેટ, Jio ગ્રાફિકલ induction, લેઆઉટ ડિઝાઈન્સ પ્લાન્ટ વેરાઈટી અને ફાર્મર રાઈટ્સ વિશે વિગતે ચર્ચા કરી હતી. સાથે સાથે તેમણે ઔદ્યોગિક ડિઝાઈનમાં IPL અંતર્ગત સુરક્ષા મળે છે. તેની સમજ આપી હતી. પેટન્ટ કેવી રીતે લેવી, પેટન્ટના કયા કયા મુદ્દાઓ મહત્ત્વના છે, પેટન્ટ લીધા પછી સરકારશ્રી દ્વારા કાયદાકીય રીતે પેટન્ટ ધારકને મળતા વિશેષ અધિકારોથી વિસ્તૃત છણાવટ કરી હતી. સાથે સાથે હવે પેટન્ટ લેવી એટલે એક ઓનલાઈન અને સરળ પ્રક્રિયાનો ભાગ છે તેની પણ સમજ આપી હતી.

તેઓએ વ્યાપારિક ચિહ્ન વિશે સચિત્ર ઉદાહરણ સાથે માહિતી આપી હતી. કોઈ એક કંપનીનું વેપારી ચિહ્ન તે કંપનીનું માલિકીનું છે અને તેને કાયદાકીય રક્ષણ પૂરું પાડવામાં આવે છે. Jio ગ્રાફિકલ induction વિશે તેમણે ૧૯૯૯ના કાયદા હેઠળની સમજ આપી હતી. જેમાં સ્થળ સાથે સંકળાયેલી વસ્તુઓ જેવી કે કોલ્હાપુરી ચંપલ, બિકાનેરી સેવ વગેરે ઉદાહરણ સાથે ચર્ચા કરી હતી. કમ્પ્યૂટરના આ યુગમાં

કમ્પ્યૂટર સર્કિટ અને તેની ડિઝાઇનને પણ સ્વરક્ષણ આપવાની બાબત પણ ચર્ચામાં આવરી લીધી હતી. બૌદ્ધિક સંપદાના સૌથી વિશેષ બાબત એટલે કે કોપીરાઇટનો કાયદો, કોપીરાઇટમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે. તેમાં કોપીરાઇટ ધારકના કયા કયા હક્કો આપવામાં આવે છે. ગ્રંથાલય પક્ષે કોપીરાઇટમાં કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે અને કોપીરાઇટમાં કઈ બાબતોનો સમાવેશ નથી થતો તેની સવિસ્તાર માહિતી આપી હતી. અંતમાં તેમણે ડિજિટલ મિલેનિયમ કોપીરાઇટ ૧૯૯૮ની ચર્ચા કરી હતી. તેમાં વખતોવખત કરવામાં આવેલા સુધારા વિશે માહિતી આપવામાં આવી હતી. સાથે જ તેમણે ડિજિટલ સિગ્નેચર વોટરમાર્ક, ebook eagles વગેરેની લાયસન્સ પ્રક્રિયા વિશે માહિતી આપી હતી. આમ તેમનું વ્યાખ્યાન ખૂબ જ ઉપયોગી, ફળદાયી અને ઉત્તમ માહિતીસભર રહ્યું.

વ્યાખ્યાન પુરું થતાં ડૉ. ગીતાબેન ગઢવીએ ડૉ. રાકેશભાઈ પરમારનો આભાર માની આજના વિશિષ્ટ વ્યાખ્યાનના ત્રીજા વક્તા શ્રી જીજ્ઞેશ અમીનનો પરિચય આપતાં કહ્યું કે આપણી યુનિવર્સિટીના સને ૨૦૦૩થી ૨૦૦૫ના વિદ્યાર્થી છે. NET qualified છે. નિરમા ગ્રંથાલયનો અનુભવ ધરાવે છે. અને હાલમાં IIM ગ્રંથાલયમાં સિનિયર પ્રોફેશનલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. સને ૨૦૧૧-૧૨ કોણ સોફ્ટવેરના મહત્તમ ઉપયોગ માટે તથા ૨૦૧૭-૧૮માં ગ્રંથાલયમાં ઇ-રિસોર્સિસના ઉત્તમ ઉપયોગાર્થે બેસ્ટ કર્મચારી તરીકે ડાયરેક્ટર સ્પેશિયલ ઇન્સ્ટેટીવ એવૉર્ડ મળ્યો હતો. તેઓ છેલ્લા આઠ વર્ષથી આપણે ત્યાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કમ્પ્યૂટર ટૅક્નૉલૉજી શિખવવા આવતા હતા.

## વિશિષ્ટ વ્યાખ્યાન : ૧૬

**તારીખ : ૨૭-૬-૨૦૨૦ ને શનિવાર** **સમય : સાંજના ૫-૦૫ થી ૫-૩૫**

**વિષય : વિજાણુકીય સ્રોતો : ફાયદા અને પ્રશ્નો (E-Resources : Advantages and Issues)**

**વક્તા : શ્રી જીજ્ઞેશ અમીન, સિનિયર પ્રોફેશનલ આસિસ્ટન્ટ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ લાઈબ્રેરી, અમદાવાદ.**

શ્રી જીગ્નેશ અમીને વિજાણુકીય સ્રોતો વિષે વાત કરતાં કહ્યું કે વર્તમાન સમયમાં બધી જ વાચનસામગ્રી ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં મળે છે. જેમ કે ઇ-બુક્સ, ઇ-જર્નલ્સ, ઇ-મેગેઝીન, ઇ-બાઉન્ડ વોલ્યુમ, ઇ-ડેટાબેઝ, ઇ-ટુલ્સ ઇત્યાદિ. ગ્રંથાલયમાં પડેલ જૂના થીસીસ / ડિસ્સર્ટેશન વગેરેનું ડિજિટાઇઝેશન કરી ઇલેક્ટ્રોનિક્સ ફોર્મમાં રૂપાંતરિત કરી ઉપભોક્તાને પૂરા પાડી શકાય છે. ઇ-રિસોર્સિસનો સૌથી મોટો ફાયદો એ છે કે ઘેર બેઠા પણ તેનો ઉપયોગ કરી શકાય છે. કોવિડ-૧૯ની મહામારીમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયે તેના વાચકોને તેની વાચનસામગ્રી (થીસીસ સહિત)નો ઉપોગ ઘેર બેઠા કરી શકે તેવી સગવડતા ઉપલબ્ધ કરાવી આપી હતી. ઇ-ટુલ્સ જેવા કે ઝોટેરો રીસર્ચ કાર્ય માટે વપરાય છે. તેની ઉપયોગિતા વિશે તથા કેટલાંક ડેટાબેઝ માટે આપણે વિક્રેતા સાથે કોન્ટ્રાક્ટના રૂપમાં મેળવતા હોય ત્યારે ડાઉન લોડ કરવાનો આપણને અધિકાર પ્રાપ્ત થાય છે; પરંતુ તે માટે વિક્રેતા સાથે અગાઉથી વાત કરી લેવી જરૂરી હોય છે. તેની ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેમણે OJAS, BLOG, Database Licence Agreement, Users terms and conditions, Negotiable skills, Training for Users Guide જેવા મુદ્દાઓની વિસ્તૃતમાં સમજ આપી હતી. વ્યાખ્યાન દરમિયાન પટેલ સાહેબ, ધર્મેન્દ્ર ત્રિવેદી તથા શ્રેયસીબેને

કેટલાક પ્રશ્નો પૂછ્યા હતા તેના તેમણે સંતોષકારક જવાબો આપ્યા હતા. અંતમાં તેમણે કહ્યું કે Open Accessd Journals માં કોઈ લેખ છાપવા માટે આપો ત્યારે તમારે ખાસ ચોકસાઈ કરી લેવાની હોય છે કે તે જર્નલ્સ બ્લેક લિસ્ટમાં છે કે કેમ ? કેટલાંક જર્નલ્સ એવા હોય છે કે જે પૈસા લઈને લેખ છાપતા હોય છે. આટલું કહી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

ડૉ. ગીતાબેન ગઢવીએ જીજ્ઞેશ અમીનનો આભાર વ્યક્ત કરી આજના ચોથા વક્તા ડૉ. ઊર્મિલાબેન ઠાકરનો ઓનલાઈન સંપર્ક કરવા ખૂબ જ પ્રયત્નો કર્યા, પરંતુ કોઈ ટેક્નિકલ કારણોસર ડૉ. ઊર્મિલાબેન ઠાકરનો સંપર્ક સધાઈ શક્યો નહીં તેના અફસોસ સાથે સમાપન તરફ પ્રયાણ કર્યું.

ડૉ. અશ્વિન ભાવસારે આભાર માનતાં કહ્યું કે આજના ત્રણેય પ્રેઝન્ટેશન ખૂબ સરસ રહ્યા. ઘણું જાણવાનું મળ્યું. સર્વને ખૂબ ખૂબ ધન્યવાદ, આભાર. ઘરે રહો, સુરક્ષિત રહો.

## પુસ્તકો કમી કરવાની મુદતમાં વધારો

રાજ્યના અનુદાનિત ગ્રંથાલયોમાંના જીર્ણ અને બિનઉપયોગી પુસ્તકો કમી કરવાની સત્તા-મર્યાદા નિયત કરીને, તેને રાજ્યસરકારે તા. ૨૮-૨-૨૦૨૨ સુધીની મંજૂરી આપી છે અને તે પ્રમાણેની જરૂરી કાર્યવાહી કરવા નિયામક, ગ્રંથાલયની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે. તેની વિગતો નીચે પ્રમાણે છે.

| ગ્રંથાલયોની કક્ષા | નિયંત્રણ અધિકારી/સત્તા મંડળની સત્તા | સત્તા મંડળની સત્તા | નિયંત્રણ અધિકારીની સત્તા | |
|---|---|---|---|---|
| | | | નિયંત્રણ અધિકારી | સત્તા |
| ગ્રામ્ય ગ્રંથાલય | સંચાલક સત્તા મંડળ | રૂ. ૮૨૫/- | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૨ | ૧,૬૫૦/- |
| બાળ ગ્રંથાલય | સંચાલક સત્તા મંડળ | રૂ. ૮૨૫/- | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૨ | ૧,૬૫૦/- |
| મહિલા ગ્રંથાલય | સંચાલક સત્તા મંડળ | રૂ. ૧,૬૫૦/ | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૨ | ૨,૨૦૦/- |
| નગરકક્ષા ૧-૨ ગ્રંથાલય | સંચાલક સત્તા મંડળ | રૂ. ૪,૪૦૦/- | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૨ | ૭,૭૦૦/- |
| શહેર શાખા ગ્રંથાલય | સંચાલક સત્તા મંડળ | રૂ. ૪,૪૦૦/- | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૧ | ૭,૭૦૦/- |
| શહેર ગ્રંથાલય | સંચાલક સત્તા મંડળ | રૂ. ૭,૭૦૦/- | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૧ | ૧૧,૦૦૦/- |
| બ્રેઈલ ગ્રંથાલયો | સંચાલક સત્તા મંડળ | રૂ. ૫,૫૦૦/- | મદદનીશ ગ્રંથાલય નિયામક શ્રી, વર્ગ-૧ | ૧૧,૦૦૦/- |
| ગ્રામ ગ્રંથાલય સહ સાંસ્કૃતિક કેન્દ્રો | મદદનીશ ગ્રંથાલય નિયામકશ્રી વર્ગ-૨ | | મદદનીશ ગ્રંથાલય નિયામક અને મધ્યસ્થ ગ્રંથાલયો | ૭,૭૦૦/- |

## સાતમો દિવસ / અંતિમ દિવસ

**તારીખ : ૨૮-૬-૨૦૨૦ ને રવિવાર** **સમય : બપોરના ૩-૩૦ થી ૫-૪૫**

વેબિનારનો સાતમો દિવસ અર્થાત્ અંતિમ દિવસ. પેનલ ડિસ્કશન માટે 'ગ્રંથાલય વ્યવસાયની સાંપ્રત સમસ્યાઓ અને સમાધાન (Issues and Solution of Library Profession in Present era)' વિષય અગાઉથી નક્કી કરવામાં આવ્યો હતો. ડૉ. ગીતાબેન ગઢવીએ પેનલ ડિસ્કશનમાં ભાગ લેનાર તમામ સભ્યોનો પરિચય આપતાં કહ્યું કે આ તમામ સભ્યો આપણી યુનિવર્સિટીની ઉપજ છે. આ તમામ સભ્યો ગુલિસાના સભ્યો છે. આ તમામ સભ્યો ગુજરાતની તમામ યુનિવર્સિટી ગ્રંથાલયોમાં ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન હતા. ડૉ. કિરીટભાઈ એમ. વ્યાસ પૂર્વ મદદનીશ ગ્રંથપાલ અને અધ્યક્ષ, ભાવનગર યુનિવર્સિટી ગ્રંથાલય, ભાવનગર, શ્રી નવલસિંહ કે. વાઘેલા, પૂર્વ ગ્રંથપાલ અને અધ્યક્ષ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ. ડૉ. શ્રેયસીબેન કે. પરીખ, પૂર્વ ગ્રંથપાલ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, અમદાવાદ. શ્રી રમણલાલ એલ. પટેલ, પૂર્વ ગ્રંથાલય, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, અમદાવાદ અને શ્રી મહિપતસિંહ ડી. વાઘેલા, પૂર્વ મદદનીશ ગ્રંથપાલ, ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથાલય, અમદાવાદ. પરિચય વિધિ પૂરી થયા બાદ આગળની કાર્યવાહી ડૉ. કિરીટભાઈ વ્યાસ સંભાળી લેશે તેમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો.

ડૉ. કિરીટભાઈ વ્યાસે પેનલ ડિસ્કશનનો કાર્યભાર સંભાળતા કહ્યું કે, હાલમાં આખુ વિશ્વ કોવિડ-૧૯ના સંક્રમણમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ગ્રંથાલય અને ગ્રંથાલય વ્યવસાયિકો પણ તેમાંથી બાકાત નથી. આ સંક્રમણ કાળમાં ગ્રંથાલયમાં અપાતી સેવાઓમાં પણ આંશિક પરિવર્તન જરૂરી બન્યું છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વ્યવસાયનું ભવિષ્ય માહિતી ટૅક્નૉલૉજીમાં આવતા પરિવર્તનના સંક્રમણ (Transition of Change) ના સંદર્ભમાં કેટલીક બાબતો પર ગંભીર વિચારણા માંગી લે છે. આ વ્યવસાયમાં સાંપ્રત સમસ્યા ત્યારે જ સર્જાય છે; જ્યારે પરિવર્તનનું સંક્રમણ થાય છે. તેમને વધુમાં કહ્યું કે આ વ્યવસાયમાં મુખ્યત્વે પરંપરાગતથી આભાસી (વર્ચ્યુઅલ) ગ્રંથાલયમાં, પરંપરાગતથી સૂક્ષ્મ માહિતી સેવાની જરૂરિયાતમાં, ઉપયોગકર્તાના કેન્દ્રીય અભિગમમાં માહિતી ટૅક્નૉલૉજીને લાગુ પાડવામાં (Application of IT) અને આ વ્યવસાયના કર્મચારીગણની કાર્યકુશળતા અને ભૂમિકામાં પરિવર્તનનું સંક્રમણ જોવા મળે છે. આની વિશદ્ ચર્ચા કરતાં વધુમાં કહ્યું કે પરિવર્તનનું સંક્રમણ ગ્રંથાલય સંગ્રહ પર, કર્મચારીગણ પર, ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીના ઉપયોગ સાથે કર્મચારીઓની કાર્યકુશળતા, ગ્રંથાલયની કામગીરી પર જેમ કે ગ્રંથાલયનું યાંત્રીકરણ અને ગ્રંથાલયની માહિતી સેવા પર જેમકે ઈન્ટરનેટનો ઉપયોગ વગેરે પર અસર કરે છે.

આટલું કહી પેનલીસ્ટમાંથી શ્રી રમણલાલ એલ. પટેલને સાંપ્રત સમયની સમસ્યાઓ પૈકી કોઈ એક સમસ્યા પર ચર્ચા કરવા નિમંત્રણ પાઠવતાં શ્રી રમણલાલ એલ. પટેલે કહ્યું કે, સાંપ્રત સમસ્યાઓ ઘણી બધી છે, પરંતુ હું માત્ર એક જ સમસ્યા ઉપર બોલવા માંગું છું. અને તે છે ગ્રંથપાલનો મોભો (status). ભારતમાં શૈક્ષણિક મોભાની સૌથી પ્રથમ શરૂઆત ડૉ. રંગનાથનથી થઈ. The first person to be appointed a full time professional librarian and accorded academic status. ડૉ. રંગનાથ કમિટીએ તથા રાધાકિશન પંચે કરેલ ભલામણ મુજબ ગ્રંથપાલોને શિક્ષક સમકક્ષ ગણી, સમકક્ષ પગાર ધોરણો આપવા જોઈએ. આનો યુ.જી.સી.એ પાછળથી સ્વીકાર કર્યો. તેમણે યુ.એસ.એ.ની કેટલીક

યુનિવર્સિટીઓના ગ્રંથપાલના સ્ટેટસની વાત કરી હતી. ત્યાં પણ ગ્રંથપાલોના મોભા માટ ખૂબ જ સંઘર્ષ ખેડવો પડ્યો હતો. મેલ્વિલ ડ્યૂઈના આગમન પછી અને અમેરિકન લાઈબ્રેરી એસોસિએશનના અથાગ પ્રયત્નોથી સને ૧૯૩૫ની આસપાસ શૈક્ષણિક મોભો મળવાનું શરૂ થયું. ભારતમાં એડવાઈઝરી કમિટી ફોર લાઈબ્રેરીઝ ૧૯૫૯થી ભલામણો મુજબ તથા યુનેસ્કો રીજિઓનલ સેમિનાર ઓન લાઇબ્રેરી ડેવલપમેન્ટ ૧૯૬૦ની ફલશ્રુતિને આધારે યુજીસીને ગ્રંથપાલોનું શૈક્ષણિક મહત્ત્વ સમજાતાં સને ૧૯૬૪થી ગ્રંથપાલોને શિક્ષક સમકક્ષ પગાર ધોરણો સાથે શૈક્ષણિક મોભો મળવાનું શરૂ થયું. પરંતુ ગુજરાતના ગ્રંથપાલો ગુજરાત સમૃદ્ધ હોવા છતાં આનાથી વંચિત રહ્યા. ગુજરાતના ગ્રંથપાલોને પોતાના અધિકારો મેળવવા માટે કોર્ટમાં જવું પડ્યું. સને ૧૯૮૨માં ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરી અને અંતે ૧૯૮૫માં જીત થઈ. પાશ્ચાતવર્તી અસરથી એટલે કે સને ૧૯૮૦થી યુ.જી.સી. સૂચિત શિક્ષક સમકક્ષ પગાર-ધોરણો મળવાનું શરૂ થયું. યુનિવર્સિટીઓના ગ્રંથપાલો અને મદદનીશ ગ્રંથપાલો આનાથી વંચિત છે તેની પણ વાત કરી. તેમણે ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટી  સંલગ્ન કૉલેજના શિક્ષકોને જે અધિકારો મળે છે. તે ગ્રંથપાલોને મળતા નથી તેની વાત કરી. સને ૧૯૯૮થી ૨૦૧૫ સુધી ભરતી બંધ રહી. ૨૦૧૫માં સરકારી કૉલેજોમાં ગ્રંથપાલોની ભરતી કરી, તેમને આસિસ્ટન્ટ પ્રોફેસરનું પગાર ધોરણ આપ્યું. પરંતુ ગ્રંથપાલોને ત્રીજા વર્ગમાં મૂકી અનિયમિતતા ઊભી કરી. તેમણે ગ્રંથપાલોના સ્ટેટસ અંગે ખૂબ જ વિસ્તૃતમાં ચર્ચા કરી. પોતાની વાણીને વિરામ આપ્યો.

ત્યારબાદ ડૉ. શ્રેયસીબેન પરીખે પોતાના વિચારો રજૂ કરવાનું કહેતાં ડૉ. શ્રેયસીબેને કહ્યું કે વ્યક્તિએ પોતાના વિકાસ માટે કામમાં કોઈ નાનપ અનુભવવાની જરૂર નથી. શરૂઆતમાં પગાર કરતાં પોતાનું કૌશલ્ય વિકસાવવામાં ધ્યાન આપવું જોઈએ. જીવનમાં સમસ્યાઓ આવશે જ પણ દ્રઢતાપૂર્વક આગળ વધવું જોઈએ. એમ કહી પોતાના વ્યક્તિગત જીવનમાં PRL, IIM, NIFT અને NID ના અનુભવો ખૂબ કામ આવ્યા, તેને શ્રોતાઓ સાથે શેર કર્યા.

ત્યારબાદ શ્રી નવલસિંહ વાઘેલાને પોતાના મંતવ્યો રજૂ કરવાનું કહેતાં તેમણે કહ્યું કે હું દક્ષિણ આફ્રિકામાં રહીને તમારી સાથે વેબિનારમાં જોડાયો એટલે આને આંતરરાષ્ટ્રીય વેબિનાર કહી શકાય. આ વેબિનાર અપૂર્વ (Unique) છે. અહિંયા ત્રણ પેઢીનો સમન્વય થયો છે. તેમણે વધુમાં કહ્યું કે આજે બે પ્રકારના ગ્રંથાલયો તેમની મર્યાદામાં સેવા આપે છે. એક પરંપરાગત  સેવાઓ આપતાં ગ્રંથાલયો, અહીં ગ્રંથપાલોમાં સેવાભાવ અને વાચક કેન્દ્રસ્થાને છે. વાચકોનો વાચનરસ પોષવા માટેનો સંવેદનશીલ અભિગમ મુખ્ય છે. આધુનિક માહિતી ટૅક્નૉલૉજીનો નહિવત ઉપયોગ છે. પ્રજામાં વાચનરસ કેળવવા ગુજરાત સરકારે 'વાંચે ગુજરાત' કાર્યક્રમ અમલમાં મૂકેલો. પરંતુ તેની સફળતા માટે પ્રશ્નચિહ્ન છે ? બીજા આધુનિક ગ્રંથાલયો, અહીં વાચક ગૌણ અને ઉપભોક્તા મુખ્ય છે. વાચનનું સ્થાન માહિતી પ્રાપ્તિએ લીધું છે. આધુનિક માહિતી ટૅક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ; કૌશલ્ય ધરાવતા ગ્રંથપાલો અને વિજાણુકીય સ્રોતો દ્વારા માહિતી સેવાઓ મુખ્ય બન્યા છે. જે આધુનિક સમાજની માંગ છે. તેમને આજના ગ્રંથપાલો અને ગ્રંથાલયો પાસે કેટલીક બાબતો અપેક્ષિત છે. તેની ચર્ચા કરતાં કહ્યું કે, સમાજમાં વાંચનટેવ વિકસાવવા અને જાગૃતિ કેળવવા માટેના વિવિધ કાર્યક્રમો યોજવા ઉપર ભાર મૂક્યો. કેટલીક સેવાઓ જેવી કે CAS, SDI, E-Document Delivery, E-Newspaper Clipping ઇત્યાદિ વિકસાવવી જોઈએ. વિષય નિષ્ણાતોની મદદથી મૂલ્યવાન માહિતી ધરાવતા ગ્રંથો અલગ તારવવા. તેનું સંરક્ષણ અને જાળવણી કરવી.

મહત્ત્વના ગ્રંથોને ડિજિટાઇઝ કરવા. હસ્તપ્રતોના મુદ્રિત સૂચિપત્રોમાંની હસ્તપ્રતોની માહિતી ઓનલાઈન મૂકવી. ગુજરાતના ગ્રંથાલયોમાંનો ગુજરાતી દુર્લભ ગ્રંથોની સંઘસૂચિ તૈયાર કરવા અને મૂલ્યવાન ગ્રંથોને ડિજિટાઈજ કરવા માટેનો પ્રોજેક્ટ હાથ ધરવો. યુનિવર્સિટી કક્ષાએ જે મહાનિબંધો યુ.જી.સી. પ્રોજેક્ટમાં સામેલ ના થયા હોય તેના કારણો તપાસવા અને સામેલ કરવા. ઓનલાઈન ડેટાબેઝના થતા ઓછા ઉપયોગના કારણો તપાસવા. ટેક્નિકલ કૌશલ્ય ધરાવતા ગ્રંથપાલોએ અન્ય ગ્રંથપાલોને માર્ગદર્શન પૂરું પાડવું અને મદદરૂપ બનવું તેમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો.

ત્યારબાદ શ્રી મહિપતસિંહ વાઘેલાએ વર્તમાન સમયમાં છેલ્લા ઘણા વર્ષોથી જગ્યાઓ ભરાતી નથી તે સમસ્યા પર પ્રકાશ પાડતાં કહ્યું કે હાલમાં સંખ્યાબંધ ગ્રંથાલયો હંગામી કર્મચારીઓથી સેવાઓ જાળવી રાખવા પ્રયત્ન કરે છે. દા.ત. સને ૨૦૦૦ના વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં ૭૦ કર્મચારીઓ કાર્યરત હતા. જ્યારે આજે ફક્ત ૨૦ જેટલા જ કર્મચારીઓ છે. જેમાં પણ ટૅક્નિકલ કર્મચારીઓ તો નહિવત્ છે. આજે મહદ્અંશે કૉલેજ ગ્રંથપાલોની જગ્યાઓ ભરાઈ જ નથી. સરકારે સકારાત્મક દૃષ્ટિકોણ અપનાવી આ જગ્યાઓ ભરે એવી આશા રાખીએ. સાર્વજનિક ગ્રંથાલયોની પણ આજ સ્થિતિ છે. ગુજરાતમાં ગ્રંથાલય ધારો આવવાથી તકલીફ ઘટશે તેમ લાગતું હતું, પરંતુ ધારામાં કાયમી ભંડોળ (corpus funds) ઊભું કરવું તેવી જોગવાઈ હતી. સરકારે કાયમી ભંડોળની કોઈ જોગવાઈ ના કરી તેથી આશા ઠગારી નીવડી. આપણે ઇચ્છીએ કે સરકાર યોગ્ય સુઝાવ સાથે સહાયભૂત થાય અને ગ્રંથપાલોની સમસ્યા ઘટાડે એમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

પેનલીસ્ટ ચર્ચામાં સમાપન તરફ જતાં ડૉ. કિરીટભાઈ વ્યાસે વ્યવસાયિકો તરફ અંગૂલિ નિર્દેશ કરતા કહ્યું કે કેટલીક બાબતો તમારી સમક્ષ રજૂ કરું છું. તેના ઉપર ચર્ચા થવી જરૂરી છે. આપણે આમાં શું કરી શકીએ ? એક પરિવર્તનનું પ્રબંધન (મેનેજમેન્ટ) કેવું હોવું જોઈએ ? બીજુ કેવા પરિવર્તનોનો સામનો કરવાનો છે ? ત્રીજું પરિવર્તનના સમયમાં માહિતી વ્યવસાયિકોને આપવામાં આવતી તાલીમ, ચોથું પરિવર્તનોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમમાં ફેરફાર અને પાંચમું આ વ્યવસાયમાં કરવામાં આવતા સંશોધનોના વિષયમાં પરિવર્તન. આટલું કહી આયોજકોનો અંતઃકરણ પૂર્વક આભાર માની આગળનું સંચાલન ડૉ. ગીતાબેન ગઢવી સંભાળશે તેમ કહી પોતાની વાણીને વિરામ આપ્યો હતો.

ડૉ. ગીતાબેન ગઢવીએ કહ્યું કે, પેનલીસ્ટો તરફથી ઘણું બધું જાણવા મળ્યું. ચર્ચા ખૂબ જ જ્ઞાનવર્ધક, માહિતી સભર અને ફળદાયી રહી. પેનલીસ્ટો તરફથી કરવામાં આવેલા સૂચનોનો અમલ કરવા પ્રયત્નો કરશું. તમામ પેનલીસ્ટો અમારા આમંત્રણને માન આપી અમારી સાથે જોડાયા તે બદલ સહૃદય આભાર માનું છું.

આ વેબિનાર શ્રેણીમાં જોડાયેલ સહભાગીદારોને પોતાના પ્રતિભાવો (feedback) આપવાનું સૂચન કરતાં વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો પૈકી અનુક્રમે શૈલી બેલાણી, રાધા ગુપ્તા, ક્રિતી બોલે, જશવંત પટેલ, હીના બારોટ, પૂજા પટેલ, હિમાંશુ પાંધી, કિરીટભાઈ, નવલસિંહ, મહિપતસિંહ, રમણલાલ પટેલ, યોગેશ પારેખ, રાકેશ પરમારે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. પ્રતિભાવોની ફલશ્રુતિ એ રહી કે આ વેબિનાર અંતિમ ન હોવો જોઈએ. વિષય અને વિષય નિષ્ણાંતોની પસંદગી માટે આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન. હસ્તપ્રત ભંડારો, વાચનસામગ્રીનું સંરક્ષણ અને જતન, ICT નો ઉપયોગ, ઓપન સોર્સ સોફ્ટવેર તથા ઓપન સોર્સ માહિતીસ્રોતોનો ઉપયોગ, ગ્રીનસ્ટોન, વેબ ડિઝાઈન, ડેટા કલેક્શન,

સંશોધન લેખન, રેફરન્સ મેનેજમેન્ટ ઉપકરણ, ઓનલાઈન વાઙ્મયસૂચિ, માહિતી સ્રોતોનું ડિજિટાઈઝેશન, કમ્પ્યૂટિંગ, ઈન્ટરનેટ, બ્લોગ, ગ્રંથાલય પોર્ટલ ઇત્યાદિથી શ્રોતાઓ માહિતગાર બન્યા. આનાથી ગ્રંથાલય સેવાઓનો વ્યાપ વધશે તથા મૂલ્યવર્ધિત સેવાઓ આપવામાં આવશે. તેથી ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોનું અને તેની સેવાઓનું ભાવી ઘણું ઉજ્જવળ બની રહેશે.

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ વતી ઉપપ્રમુખશ્રી રમણલાલ પટેલે તથા ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ અને ગુલિસા વતી ડૉ. રાકેશ પરમારે સર્વનો આભાર માન્યો. આભારવિધિ બાદ વેબિનાર પૂર્ણ થયો છે. તેવી ઘોષણા કરવામાં આવી; અને વેબિનારમાં જોડાનાર સર્વને ઓનલાઈન પ્રમાણપત્રો મોકલી આપવામાં આવશે. વેબિનારની સફળતા બદલ આયોજકોને ધન્યવાદ પાઠવી મીઠા સંસ્મરણોનું ભાથું લઈ ભાવવિભોર બની મોબાઈલ, કમ્પ્યૂટર, લેપટોપ થકી છૂટા પડ્યા.

**— અહેવાલ-લેખન : ડૉ. અશ્વિન ભાવસાર**

**સંવર્ધન અને પુનઃલેખન : શ્રી રમણલાલ એલ. પટેલ**

## ગુરુનુ ઋણ ચુકવીએ

સ્નિગ્ધ સ્નેહી સ્વજનો,

આપ સૌ સુવિદિત છો જ કે ખૂબ જ ટૂંકા સમયગાળામાં આપણા બે શ્રદ્ધેય ધુરીણો શ્રી કિરીટભાઈ ભાવસારસાહેબ અને શ્રી રમણભાઈ પટેલસાહેબ - એ આપણી વચ્ચેથી વિદાય લીધી. શ્રી કિરીટભાઈ લાંબી બીમારીના કારણે (તા. ૧૬ ડિસેમ્બર,૨૦૧૯) અને શ્રી રમણભાઈ કોરોનાના કારણે તા. (૫ સપ્ટેમ્બર,૨૦૨૦) દિવંગત થયા. શ્રી રમણભાઈના અવસાનના થોડાક જ દિવસો બાદ તેમનાં ધર્મપત્ની શ્રીમતી ભારતીબહેન પટેલ પણ કોરોનાના કારણે (તા. ૧૪ સપ્ટેમ્બર,૨૦૨૦)અવસાન પામ્યાં હતાં. પરમ કૃપાળું પરમાત્મા સદ્‌ગત આત્માઓને ચિરશાંતિ અર્પે તેવી શોકસંતપ્ત હૈયે પ્રાર્થના.

આપણા આ બંને વડીલોનું **'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'** અને **ગ્રંથાલય વ્યવસાય** ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. તેમનું ૠણ ચુકવવાની તેમ જ તેમની સ્મૃતિ જળવાઈ રહે તેવી ભાવનાથી પ્રેરાઈને તેમની સ્મૃતિમાં **'ગ્રંથાલોક'** નો ખાસ અંક પ્રગટ કરવામાં આવનાર છે. આ હેતુ આપશ્રીને વિનંતી છે કે આ બંને વિશેનાં આપનાં સ્મૃતિસંવેદનો સ્વ.રમણભાઈ પટેલ અને સ્વ.કિરીટભાઈ ભાવસાર - તેમના વિશે લેખ (બે સ્વતંત્ર લેખો અથવા સંયુકત લેખ) તૈયાર કરીને અમને **ત્રણેક સપ્તાહની સમય મર્યાદામાં** મોકલી આપશોજી. આપનો લેખ અનોખો અને લાઘવતાશીલ બની રહે તે રીતે તૈયાર કરવાનું રાખશો. આ સાથે જ વિનંતી છે કે આ અંકના ખર્ચને પહોંચી વળવા માટે આપશ્રીનો ઉદારચિત્તે આર્થિક સહયોગ અપેક્ષિત છે.

આપશ્રીના હાર્દિક સહકારની અભિલાષા સહ,

**આપના,**

**પંકજ એમ.બાવિશી - પ્રમુખ**

**કિરીટ બી.ગંધકવાલા - મંત્રી**

